**આજનો સુવિચાર**

માનવીનાં મૃત્યું પછી પણ તેને જે જિવિત રાખે છે, તેનું નામ છે તેની લોકપ્રિયતા

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૫૦ જૂનાગઢ તા.૦૯-૧૦-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 250, Junagadh : Date : 09 October, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay







# રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગાણા, છત્તિસગઢ, મીઝોરમ વિધાનસભાની ચૂંટણી જાહેર

## ૭, ૧૭, ૨૩ અને ૨૭ નવેમ્બરે મતદાન યોજાશે : તા. ૩ ડિસેમ્બરે મતગણતરી




### પાંચ રાજયોની કુલ ૬૭૯ વિધાનસભા બેઠકોની ચૂંટણી થશે : કુલ ૧૬.૧૪ કરોડ મતદાતાઓ મતાધિકારનો ઉપયોગ કરશે

| રાજસ્થાન | મધ્યપ્રદેશ | તેલંગાણા | છત્તીસગઢ | મીઝોરમ |
|---|---|---|---|---|
| કુલ બેઠક : ૨૦૦ | કુલ બેઠક : ૨૩૦ | કુલ બેઠક : ૧૧૯ | કુલ બેઠક : ૯૦ | કુલ બેઠક : ૪૦ |
| મતદાનની તારીખ | મતદાનની તારીખ | મતદાનની તારીખ | મતદાનની તારીખ | મતદાનની તારીખ |
| ૨૭ નવેમ્બર | ૧૭ નવેમ્બર | ૩૦ નવેમ્બર | ૭ નવેમ્બર અને ૧૭ નવેમ્બર | ૭ નવેમ્બર |

નવી દિલ્હી તા. ૯

જેની ભારે આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી તે દેશનાં પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે. દેશનાં મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે આજે બપોરે ૧૨.૦૦ કલાકે પ્રેસ કોન્ફરન્સ બોલાવીને પાંચ રાજયો રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તેલંગાણા અને મીઝોરમ વિધાનસભાનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે. ચૂંટણીપંચે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ રાજસ્થાનમાં ૨૭ નવેમ્બરે મતદાન યોજાશે. મધ્યપ્રદેશમાં ૧૭ નવેમ્બર, તેલંગાણામાં ૩૦ નવેમ્બરે મતદાન યોજાશે. જયારે નકલ પ્રભાવિત છત્તીસગઢમાં બે તબક્કામાં તા. ૭ નવેમ્બર અને ૧૭ નવેમ્બરનાં રોજ મતદાન યોજાશે. જયારે મીઝોરમમાં ૭ નવેમ્બરે મતદાન યોજાશે.

જયારે તમામ પાંચ રાજયોની મતગણતરી એકી સાથે એકજ દિવસે તા. ૩ ડીસેમ્બરે યોજાશે. ૫ ડિસેમ્બરે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સંપન્ન કરી લેવામાં આવશે. આમ ચૂંટણીની તારીખો જાહેર થવાની સાથે જ આ પાંચ રાજયોમાં આચારસંહિતા લાગુ પડી ગઈ છે. આ પાંચ રાજયોની કુલ ૬૭૯ વિધાનસભા બેઠકો ઉપર મતદાન યોજાશે જેના માટે ૮.૨ કરોડ પુરૂષ મતદાતાઓ અને ૭.૮ કરોડ મહિલા મતદાતા મળી કુલ ૧૬.૧૪ કરોડ મતદાતાઓ મતાધિકારનો ઉપયોગ કરીને નવી સરકારની ચૂંટણી કરશે. આ પાંચ રાજયોમાં ૬૦.૨ લાખ મતદાતાઓ પ્રથમ તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

આ ચુંટણીમાં મિઝોરામ સિવાયના તમામ ચાર રાજયોએ કાંટાની ટકકર છે. મધ્યપ્રદેશમાં ૨૩૦ બેઠકોની વિધાનસભામાં શાસક ભાજપ અને વિપક્ષ કોંગ્રેસની સીધી ટકકર છે. રાજસ્થાનમાં કોંગ્રેસનું શાસન છે અને અહી દર પાંચ વર્ષ સરકાર બદલે છે તેથી ભાજપને 'આશા' છે. છતીસગઢમાં ૯૦ બેઠકોની વિધાનસભામાં કોંગ્રેસનું શાસન છે અને તે જાળવી રાખે તેવા સંકેત છે.

તેલંગાણામાં ૧૧૯ બેઠકોમાં વિપક્ષથી અંતર રાખનાર ભારતીય રાષ્ટ્રીય સમીતી અને મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવ ને શાસન જાળવી રાખવું તે પડકાર છે અને તેણે ભાજપ-કોંગ્રેસ બન્નેનો મુકાબલો કરવાનો છે. મિઝોરામમાં સ્થાનિક પક્ષ અને ભાજપના ટેકાવાળા નાના પક્ષો વચ્ચે ટકકર છે.

# ઈઝરાયેલ - હમાસ યુધ્ધનો મૃત્યુઆંક ૧૧૦૦થી વધુ : સર્વત્ર ભયાનક તારાજીનાં દ્રશ્યો



જેરૂસેલમ, તા.૯

પેલેસ્ટાઈનમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ભયાનક યુધ્ધ ખેલાઈ રહયું છે. ઈઝરાયેલ દ્વારા ગાઝા પટ્ટીમાં હમાસ વિરુદ્ધ કરવામાં આવેલી કાર્યવાહીની અસર દેખાઈ રહી છે.

આ સંઘર્ષમાં બંને પક્ષોના અત્યાર સુધીમાં ૧૧૦૦થી વધુ લોકોના મોત થયા છે. ઈઝરાયેલમાં અત્યાર સુધીમાં ૭૦૦થી વધુ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. બીજી તરફ ગાઝા પટ્ટીમાં ૪૦૦થી વધુ લોકોના મોત થયા છે

ઈઝરાયલી સેના અને હમાસના લડવૈયાઓ વચ્ચે વિનાશક યુદ્ધ ચાલી રહ્યું છે. બંને તરફથી એકબીજા પર તિવ્ર હુમલા થઈ રહ્યા છે. હમાસ લડવૈયાઓના હુમલાને કારણે અત્યાર સુધીમાં ઈઝરાયેલમાં ૭૦૦ થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે ઈઝરાયેલની ધરતી પર ગોળીબાર અને હવાઈ હુમલાને કારણે ૫૭૨ લડવૈયાઓ અને પેલેસ્ટીનિયન નાગરિકોના મોત થયા છે. ૧૮૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. હમાસે શનિવારે યુદ્ધ શરૂ કર્યું હતું અને હવે ઈઝરાયેલ હમાસ પર મોટો વળતો હુમલો કરી રહ્યું છે.

સોશિયલ મીડિયા પર જારી કરાયેલી તસવીરોમાં જોવા મળી રહ્યું છે કે ઈઝરાયેલની સડકો પર મૃતદેહોના ઢગલા છે. મૃતદેહો વેરવિખેર પડેલા છે. તે જ સમયે, ઈઝરાયેલના હવાઈ હુમલાને કારણે પેલેસ્ટાઈનની ઈમારતો કાટમાળમાં ફેરવાઈ ગઈ છે. વિસ્તારના વિસ્તારો ખંડેર હાલતમાં છે, બધે ચીસો સિવાય કશું જ નથી. કોઈએ તેમની માતા ગુમાવી, કોઈએ પિતા ગુમાવ્યા અને કોઈએ પોતાનો આખો પરિવાર ગુમાવ્યો. લોકોની આંખોના આંસુ સુકાઈ ગયા છે. બંને દેશોના નાગરિકો યુદ્ધની આગમાં સળગી રહ્યાં છે અને સેંકડો નાગરિકો જીવ ગુમાવી રહ્યાં છે.

### ઈઝરાયેલ ઉપર લેબનોન સરહદેથી હિઝબુલ્લાનો બોંબમારો

ઈઝરાયેલ ઉપર એક સાથે બે સરહદેથી હુમલો થયો છે. હમાસ બાદ ઈઝરાયેલનાં કટ્ટર દુશ્મન અને લેબનોનનાં શાસક પક્ષ હિઝબુલ્લા તરફથી ઈઝરાયેલ પર જોરદાર બોંબમારો કરવામાં આવી રહયો છે. આમ એક સાથે બે મોર્ચે ઈઝરાયેલ ઉપર હુમલા થઈ રહયા છે.

# ભારત-પાક. ક્રિકેટ મેચની ટીકીટો કયાં ગાયબ થઈ ગઈ ? બ્લેકમાં રૂા. ૨૦ થી ૨૫ હજારનાં ભાવે છૂટથી મળે છે

અમદાવાદ તા.૯ : ભારતમાં વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ થઈ ગયો છે અને દરેક ટીમોએ એક-એક મેચ રમી લીધા છે. આગામી શનિવારે કટ્ટર હરીફ ભારત અને પાકિસ્તાન વચ્ચે હાઈવોલ્ટેજ મુકાબલો યોજાવાનો છે તે પૂર્વે ટીકીટનો મામલો ગરમાયો છે. ભારત-પાકિસ્તાન વચ્ચેના મેચની ટીકીટો સત્તાવાર રીતે કયાંય મળતી નથી અને ૧૦ થી ૧૫ ગણા ભાવે કાળાબજારમાં ખુલ્લેઆમ ટીકીટો વેંચવા લાગતા ક્રિકેટ બોર્ડ તથા આઈસીસી સામે જ સવાલો ઉઠયા છે. આગામી ૧૪ ઓકટોબર શનિવારે ભારત અને પાકિસ્તાન વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં વર્લ્ડ કપનો મેચ રમાવાનો છે. બંને દેશો કટ્ટર હરીફ છે એટલે આ મુકાબલો હાઈવોલ્ટેજ રહેવાનો સ્પષ્ટ છે.

એટલું જ નહીં વર્લ્ડ કપનો કાર્યક્રમ જાહેર થયો અને ભારત-પાકિસ્તાન વચ્ચેના મેચની તારીખ જાહેર થઈ ત્યારથી જ આ મેચ વિશે ચર્ચા શરૂ થઈ ગઈ હતી અને ક્રિકેટ ફેન્સ ટીકીટ મેળવવાથી માંડીને અમદાવાદમાં હોટલ બુક કરાવવા મથવા લાગ્યા હતા. મહત્વની વાત એ છે કે હોટલો અને રહેવાની વ્યવસ્થા અગાઉથી કરી રાખી હોવા છતાં હવે ટીકીટ માટે રઝળપાટ કરવાનો વખત આવ્યો છે. આઈસીસીએ ટીકીટના ઓનલાઈન બુકીંગનો હવાલો બુક માય શોને આપ્યો છે. તેના દ્વારા ગઈકાલે ૧૪૦૦૦ ટીકીટનું ઓનલાઈન વેચાણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. બુકીંગ ખુલ્યુ હતું પરંતુ બહુ ઓછા લોકોને ટીકીટ મળ્યાની ચર્ચા છે અને જોરદાર હોબાળો છે.

### મેઘરાજા નવરાત્રી બગાડશે? અંબાલાલની આગાહીથી ખેલૈયાઓમાં ચિંતા

રાજકોટ, તા. ૯

ગુજરાતમાંથી ચોમાસાની સત્તાવાર વિદાય થઈ ગઈ છે. આ વર્ષે નવરાત્રીમાં તિથિની કોઈ વધઘટ ન હોવાથી નવેનવ દિવસ રાસગરબા કરવાનો થનગનાટ છે ત્યારે નવરાત્રી દરમ્યાન વરસાદ ત્રાટકવાની આગાહી અંબાલાલ પટેલે કરી છે.

તેઓએ કહ્યું કે ૧૭ ઓકટોબરે અરબી સમુદ્રમાં હાઈપ્રેશર બનાવાની શકયતા છે અને તેની અસરે ૧૭ થી ૧૯ ઓકટોબરે ગુજરાતમાં વરસાદ ત્રાટકશે. મધ્ય તથા ઉતર ગુજરાતમાં જોર વધુ રહેશે. તેમણે કહ્યું કે આવતીકાલ સુધીમાં ઉતર ભારતમાં હિમવર્ષા થવાની શકયતા છે તેના કારણે તાપમાન ઘટતા ગુજરાતમાં વાદળીયુ વાતાવરણ સર્જાવાની શકયતા છે. ૧૪ ઓકટોબરે બીજી હિમવર્ષા થશે. ૧૭ થી ૧૯ ઓકટોબરે ઉતરીય ભાગોમાં હિમવર્ષા સાથે રાજસ્થાન-ગુજરાતના ભાગોમાં વરસાદ પડશે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જાયાએ ઉપલબ્ધ


કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



FACULTY OF HEALTH SCIENCES
Marwadi University
Marwadi Chandarana Group

**નર્સિંગ માં એડમીશન લો**
આપણાજ રાજકોટમાં તે પણ આ વર્ષેજ!

Courses Offered
GNM - General Nursing and Midwifery
BSc NURSING

Practical Learning with the Help of 12+ Hospital Tie-ups

Diverse Educational Culture with 12000 students from 53 countries



For Admission Inquiry, Contact
89800 30090
Rajkot-Morbi Road, Rajkot, Gujarat
www.marwadiuniversity.ac.in

# ખંભાળિયામાં વાઈબ્રન્ટ કાર્યક્રમ યોજાયો : રૂ.૯૧૪ કરોડનું નવું રોકાણ થશે



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

રાજયમાં વાઈબ્રન્ટ ગુજરાતની વીસ વર્ષની ફળશ્રુતિ વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત "વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ દેવભૂમિ દ્વારકા" કાર્યક્રમ તાજેતરમાં ખંભાળિયામાં જળસંપતિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લાગતી બાબતો વિભાગના કેબિનેટ મંત્રી તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ કાર્યક્રમમાં પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વીસ વર્ષ પહેલાં વાઈબ્રન્ટ ગુજરાતનું બીજ રોપ્યું હતું. આજે રાજ્ય સર્વ સમાવેશક વૃદ્ધિને ટકાઉ વિકાસ માટે મજબૂત વટવૃક્ષ બની સૌથી પ્રતિષ્ઠિત વૈશ્વિક મંચ તરીકે વિકસિત થયું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્યના ઉદ્યોગિક વિકાસને વેગ મળ્યો છે.

આ ફલેગશીપ ઈવેન્ટના ભાગરૂપે રાજ્યમાં જાગૃતિ ફેલાવવા માટે રાજ્યના દરેક જિલ્લામાં સરકાર દ્વારા "વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ"નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઈવેન્ટનો ઉદ્દેશ્ય જિલ્લાની એમ.એસ.એમ.ઈ. (સ્જીસ્ઈ) પ્રોડક્ટ, ખાદી, હેન્ડલૂમ, એગ્રો પ્રોડક્ટ્સ અને જિલ્લાની "વન ડિસ્ટ્રીક્ટ, વન પ્રોડક્ટ"ને સ્થાનિક રાજ્ય અને વૈશ્વિક સ્તરે વિવિધ તકો પૂરી પાડવાનો છે.

દ્વારકા જિલ્લામાં રૂા. ૯૧૪ કરોડના ૧૮૦ એમ.ઓ.યુ. થયા છે. આ માટે ઉદ્યોગ સાહસિકો અને જિલ્લા વહીવટી તંત્રને અભિવાદન પાઠવ્યા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લો ગુજરાતના ભૌગોલિક વિસ્તારમાં એક આગવું સ્થાન ધરાવે છે. ગુજરાતને મળેલ સમુદ્ર વિસ્તારમાં દેવભૂમિ દ્વારકા પોતાનો હિસ્સો ધરાવે છે. સમૃધ્ધ સમુદ્ર વિસ્તારના કારણે અહિંના ઓખા, દ્વારકા, સલાયા, વાડીનાર વિગેરે કાંઠાળ વિસ્તારમાં વિવિધ સમૃધ્ધ બંદરો આવેલા છે. જે દેશના નિકાસમાં પોતાનો અને ગુજરાતનો ફાળો આપે છે. સમુદ્ર વિસ્તારને કારણે પ્રવાસન ઉદ્યોગનો પણ વિકાસ થયેલ છે. જગત મંદિર દ્વારકા, બ્લુ ફલેગ શિવરાજપુર બીચ, લીંક સિગ્નેચર બ્રિજ દેવભૂમિ દ્વારકાના પ્રવાસન ઉદ્યોગને એક અગ્રિમ સ્થાન પર મુકે છે.

ખનિજ સંપન્ન ગુજરાતમાં જિલ્લો કેલ્સાઈન બોકસાઈટનું ઉત્પાદન કરીને પોતાનું આગવું યોગદાન આપે છે. જિલ્લામાં તેને લગત અનેક ઉદ્યોગો સ્થાપિત થયા છે. આ જિલ્લો મગફળી ઉત્પાદનમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર અશોક શર્માએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ અંતર્ગત ટીમ દેવભૂમિ દ્વારકામાં ૧૫૦ ના લક્ષ્યાંકથી વધુ ૧૮૦ એમ.ઓ.યુ. અને ૯૧૪ કરોડનું રોકાણ કરાશે. આ નવા પ્રોજેક્ટ દ્વારા જિલ્લાના અંદાજે ૧૫૦૦ લોકોને રોજગારી મળશે. નાના મોટા ઉદ્યોગ સાહસિકો પોતાના વ્યવસાય શરૂ કરી શકે તે માટે વિવિધ યોજનાઓ હેઠળ લાભાર્થીઓને ખેતી, લુહારી, બ્યુટી પાર્લર, દરજીકામ સહિત વિવિધ રોજગારીઓ માટેની કીટ વિતરણ કરવામાં આવી હતી. આ ઉપરાંત સરકારની વિવિધ યોજનાઓ હેઠળ ઉદ્યોગ સાહસિકોને પોતાની વ્યવસાયિકતાને બુસ્ટ મળે તે માટે ચેક વિતરણ કરવામાં આવ્યા હતા.

જિલ્લા કલેકટરએ ઉદ્યોગ સાહસિકોને જણાવ્યું હતું કે, સરકારે-બેંકે આપેલી લોનમાંથી વધુને વધુ રોજગારી ઉત્પન્ન થાય, વધુ ઈન્વેસ્ટમેન્ટ પ્રોસેસ ઈમ્પ્રુવમેન્ટ થાય તે ખૂબ જરૂરી છે. કંપનીઓ સાથે જોડાયેલ પાયાની વસ્તુઓ જિલ્લામાં સ્થાનિક લેવલે ઉત્પાદિત થઈ શકે તેના પર વિચાર કરવા ઉદ્યોગકારોને સૂચન કરવાની સાથે બેંકે આપેલી લોન વહેલી તકે ચૂકવી દેવાથી ક્રેડિટ વધે છે તેમ જણાવી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉદ્યોગકારોને સરકારના માર્ગદર્શન અને યોજના હેઠળ યોજનાનો લાભ મળે તે માટે ટીમ કટિબદ્ધ છે. તેમ વધુમાં જણાવ્યું હતું.

આ સાથે જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે છેવાડાના માનવીઓ સુધી વિકાસના ફળો પહોંચી રહ્યા છે ત્યારે "વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ દેવભૂમિ દ્વારકા" કાર્યક્રમથી આપણા જિલ્લામાં રોજગારીની વધુ તકો ઊભી થશે જેના કારણે જિલ્લાવાસીઓને સ્થાનિક લેવલે રોજગારી મળી રહેશે.

અહીં ઉદ્યોગ સાહસિકોને કીટ વિતરણ તેમજ ચેક વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. મંત્રીએ વિવિધ પ્રોડક્ટ્સના સ્ટોલનું નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત ભારતીય યુવા શકિત ટ્રસ્ટના વિમલ ગાંધીએ જિલ્લાના ઉદ્યોગોનો અભ્યાસ કરી તેના પ્રતિભાવોમાં કહ્યું કે, સરકારના આ પ્રયાસોથી જિલ્લાના ઔધોગિક વિકાસને વેગ મળશે. સંયુક્ત ઉદ્યોગ કમિશનર ડી.આર. પરમારે સ્વાગત પ્રવચન સાથે વાઈબ્રન્ટ ગુજરાતની રૂપરેખા જણાવી હતી.

આ કાર્યક્રમમાં ઉદ્યોગ સાહસિકોએ પ્રતિભાવ આપ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી, નિવાસી અધિક કલેકટર ભુપેશ જોટાણીયા, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, નગરપાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી, જિલ્લા પંચાયતના જીતેન્દ્રભાઈ કણજારીયા, જિલ્લા અગ્રણી શક્તિસિંહ જાડેજા, ભરતભાઈ ચાવડા, અનિલભાઈ તન્ના, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નાયબ કલેકટર સંવર્ગના અધિકારીઓની સામૂહિક બદલીના ઓર્ડરો થયા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ગુજરાત સરકારના મહેસુલ વિભાગ તથા પંચાયત વિભાગ દ્વારા સમગ્ર રાજયમાં ફરજ બજાવતા જી.એ.એસ. કક્ષાના અધિકારીઓની સામૂહિક બદલીના શનિવારે જારી કરવામાં આવેલા ઓર્ડરોમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા સ્થળોએ ફરજ બજાવતા અધિકારીઓને પણ બદલવામાં આવ્યા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવતા કુ. આસ્થા ડાંગરને ગાંધીનગરના મંડલ ખાતેના ડેપ્યુટી કલેકટર (એસ.આઈ.આર.) તરીકે, ખંભાળિયાના પ્રાંત અધિકારી પાર્થ કોટડીયાને ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે, વેઈટિંગ ફોર પોસ્ટિંગમાં રહેલા જે.ડી. પટેલને જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે, અમદાવાદના મામલતદાર એચ.ડી. ભગોરાને દ્વારકા જિલ્લા પ્રાંત અધિકારી તરીકે તેમજ રાજકોટના મામલતદાર કે.કે. કરમટાને ખંભાળિયાના પ્રાંત અધિકારી તરીકે મૂકવામાં આવ્યા છે.

આ સાથે સરકારના નાયબ સચિવ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગાંધીનગર જિલ્લાના માણસાના તાલુકા વિકાસ અધિકારી પૃથ્વીરાજસિંહ અનિરુદ્ધસિંહ ગોહિલને દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે તેમજ રાજકોટના તાલુકા વિકાસ અધિકારી નાગાજણભાઈ માલદેભાઈ તરખાલાને પણ નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે મૂકવામાં આવ્યા છે.

આ ઉપરાંત મહેસુલ વિભાગ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી ભવ્યકુમાર નીનામાની બદલી દાહોદ જિલ્લાના લીમખેડા પ્રાંત ઓફિસર તરીકે કરવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની બદલી થતાં તેમની જગ્યાએ તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા પી.એ. ગોહિલને બઢતી આપી, અત્રેના જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે મૂકવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી ગોહિલની પ્રથમ નિમણુક પણ અત્રેના જિલ્લામાં પ્રાયોજના અધિકારી વહીવટ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, દેવભૂમિ દ્વારકાની કચેરીમાં કરાઈ હતી તેમજ તેમના પિતાશ્રી પણ નિવૃત્ત અધિક કલેકટર તરીકે જામનગર જિલ્લામાંથી નિવૃત થયા છે. ખુબજ શાંત સ્વભાવ ધરાવતા પી.એ. ગોહિલની નિમણુંક અત્રેના જિલ્લામાં થવાથી કર્મચારીઓમાં આનંદની લાગણી જોવા મળી છે.

આ જિલ્લામાં પ્રથમ વખત નાયબ જિલ્લા વિકાસ અધિકારીની બીજી જગ્યા પણ આ ઓર્ડરથી ભરાઈ છે. રાજકોટના તાલુકા વિકાસ અધિકારી રાજકોટ તરીકે ફરજ બજાવતા નાગાજણભાઈ માલદેભાઈ તરખાલાને બઢતી આપીને અહીંની જિલ્લા પંચાયત કચેરીમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે મુકવામાં આવ્યા છે.

# ખંભાળિયાના ક્ષત્રિય અગ્રણી સતત ૩૩માં વર્ષે પગપાળા માતાના મઢ જવા માટે નીકળ્યા



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ખંભાળિયા શહેર તથા તાલુકાના ભાતેલ અને બારા ગામના રાજપુત જ્ઞાતિના વ્યક્તિઓ દ્વારા પગપાળા સંઘ સાથે માતાના મઢ (કચ્છ) ખાતે જવા પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારોના આગેવાનો, કાર્યકરો જોડાયા હતા.

આ વચ્ચે મહત્વની બાબત કહે છે કે ખંભાળિયા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તથા રાજપુત જ્ઞાતિના અગ્રણી તેમજ રાજપુત સમાજના પૂર્વ પ્રમુખ ગીરીરાજસિંહ જાડેજાએ શુક્રવારે ખામનાથ મહાદેવ મંદિર પાસે આવેલા આશાપુરા માતાજીના મંદિરે દર્શન કરી અને કચ્છ ખાતે માતાના મઢ સુધીની પદયાત્રા શરૂ કરી હતી. ૭૭ વર્ષના ગીરુભા જાડેજા છેલ્લા આશરે ત્રણ દાયકા કરતાં વધુ સમયથી દર વર્ષે નવરાત્રીમાં પદયાત્રા કરીને ખંભાળિયાથી માતાના મઢ સુધી જાય છે. આશરે ૪૫૦ કિલોમીટરની આ પદયાત્રા સાતેક દિવસમાં તેઓ પૂર્ણ કરે છે.

તેમને વિદાય આપવા માટે અહીંના અગ્રણી વનરાજસિંહ વાઢેર, ઈન્દ્રજીતસિંહ પરમાર, કિર્તીભાઈ ભટ્ટ, દેવુભાઈ ગઢવી, વિગેરે જોડાયા હતા.

ખંભાળિયા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વિરેન્દ્રસિંહ ઉમેદસિંહ જાડેજા તથા તેમની યુવા ટીમ દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી બારા ગામથી માતાના મઢ સુધી પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. તેમણે પણ શુક્રવારે પ્રસ્થાન કરીને જોગવડ માતાજીના દર્શન કરીને પ્રસ્થાન આગળ ધપાવ્યું હતું.

ખંભાળિયા તાલુકાના ભાતેલ ગામેથી પણ યુવાઓ દ્વારા છેલ્લા આશરે ૧૬ વર્ષથી પદયાત્રા કરવામાં આવતી હોય, તેમણે પણ આશાપુરા માતાજીના મંદિરે દર્શન કરી આ પદયાત્રાનો પ્રારંભ કર્યો હતો.

# રાજ્યની ૧૫૭ નગર પાલિકાઓને રોડ રીસરફેસિંગના કામો માટે કુલ ૧૦૦ કરોડ રૂપિયા ફાળવાશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોની જનસુવિધા સુખાકારી વૃદ્ધિની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ ચોમાસામાં વરસાદને કારણે નગરોના માર્ગો-રસ્તાઓને થયેલા નુકસાનની મરામત માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી કુલ ૧૦૦ કરોડ રૂપિયા ૧૫૭ નગર પાલિકાઓને ફાળવવાની મંજૂરી આપી છે. ૧૦૦ કરોડ રૂપિયાની આ રકમમાંથી ‘અ’ વર્ગની ૨૨ નગર પાલિકાઓને પ્રત્યેકને રૂપિયા ૧ કરોડ પ્રમાણે ૨૨ કરોડ રૂપિયા તેમજ ‘બ’ વર્ગની ૩૦ નગર પાલિકાઓને નગર પાલિકા દીઠ રૂપિયા ૮૦ લાખ પ્રમાણે કુલ ૨૪ કરોડ રૂપિયા, ‘ક’ વર્ગની ૬૦ નગર પાલિકાઓને પ્રત્યેકને રૂપિયા ૬૦ લાખ મુજબ કુલ ૩૬ કરોડ રૂપિયા અને ‘ડ’ વર્ગની ૪૫ નગર પાલિકાઓને નગર પાલિકા દીઠ રૂપિયા ૪૦ લાખ પ્રમાણે કુલ ૧૮ કરોડ રૂપિયા આવા રોડ રીસરફેસિંગ કામો માટે ફાળવવામાં આવશે. નગર પાલિકાઓને રસ્તાના મરામત - રીસરફેસિંગ કામો માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ મારફતે શહેરી વિકાસ વિભાગ દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી ગ્રાન્ટ ફાળવવાની દરખાસ્ત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ આ દરખાસ્તના સંદર્ભમાં ૧૦૦ કરોડ રૂપિયા ફાળવીને લોક સુખાકારી કામો માટેની આગવી સંવેદના દર્શાવી છે.

## રાણપુર ગામે શાકભાજીના થડામાંથી ૧૦ હજારની ચોરી

જૂનાગઢ તા.૯

ભેંસાણના રાણપુર ગામે દુકાનના દરવાજાની નીચેના ભાગેથી હાથ નાખી થળામાંથી ૧૦ હજારની ચોરી થયાની ફરીયાદ નોંધાઈ છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગત અનુસાર ભેસાણના રાણપુર ગામે રામજી મંદિર નજી શાકભાજીની દુકાન ધરાવતા અકરમભાઈ ઈકબાલભાઈ કાબરાની દુકાનમાં અજાણયા શખ્સે નીચેના ભાગેથી હાથ નાખી શાકભાજીના થળામાંથી પૈસા રાખવાની પેટી ખેંચી ૧૦ હજાર ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી.

## વિશ્વ કપાસ દિવસ



કપાસ એક સપુષ્પીય વનસ્પતિ છે જેની ખેતીને વૈશ્વિક ગણનામાં રોકડીયો પાક માનવામાં આવે છે. કપાસના છોડનું વૈજ્ઞાનિક નામ ગોસિપિયમ છે. કપાસના છોડ પરથી રૂનું ઉત્પાદન મેળવવામાં આવે છે. આ રૂ ભારતમાં "સફેદ સોનું" તરીકે ઓળખાય છે. ઉષ્ણ કટિબંધમાં આવેલા પ્રદેશો તેમ જ તેની નજીકના વિસ્તારોમાં ખાસ કરીને કપાસ ઉગાડવામાં આવે છે.

કપાસના અલગ-અલગ પ્રકાર છે જેમ કે લાંબા રેસાવાળો કપાસ, મધ્યમ લંબાઈના રેસાવાળો કપાસ, ઓછી લંબાઈના રેસાવાળો કપાસ, જાડા રેસાવાળો કપાસ. ગુજરાત રાજ્યમાં કપાસની ખેતી મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર વિસ્તારમાં મોટા પાયે કરવામાં આવે છે.

# ૯ ઓકટોબર વર્લ્ડ પોષ્ટલ ડે : ડાંકીયા ડાક લાયા, ખુશી ઔર દુ:ખીકા સંદેશા લાયા

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૯

સમગ્ર વિશ્વ ૯ ઓકટોબરના રોજ વિશ્વ ટપાલ દિવસની ઉજવણી કરે છે. એમ કહેવાય છે કે ઓકટોબર ૧૮૭૪માં યુનિવર્સલ પોષ્ટલ સ્થાપના સ્વીસની રાજધાની બર્નમા થઈ અને ૧૯૬૯માં જાપાનના ટોકીયોમાં યુનિવર્સલ પોષ્ટલ યુનિયન પરિષદ યોજાઈ ત્યારે આ સંસ્થાના સ્થાપના ૯ ઓકટોબર વિશ્વ ટપાલ દિવસ ઉજવવો શરૂ થયો.

જેનો હેતુ લોકોના વેપાર, વાણિજય, દરરોજ જીવન વ્યવહારમાં દેશમાં ટપાલના મહત્વની જાગૃતિ પ્રસાનો હતો. જે જમાનામાં વેરાવળ, પ્રભાસ પાટણની પોષ્ટ ઓફીસમાં રેડિયોનું લાયસન્સ પણ ભરવા જવું પડતું.

પોષ્ટ ઓફીસમાં ટીક... ટીકટીક... ટીકાત મોર્સ નામનું મશીન પણ હતું જે મારફત તાર મોકલાતા.

લગ્ન અભિનંદન તારનું કવર રંગીન અપાતું તાર આવે એટલે ફડકો બેસી જતો ઘરના અને આજુબાજુના એકઠા થઈ કોઈ અંગ્રેજી જાણકાર પાસે વંચાવવા જતા તે શું વાંચે છે. તેની સામે ઉત્સુક ચિંતાતુર નજરે જોતાં.

સોમનાથ પોષ્ટ ઓફીસેથી કવરમાં ભાવિકોને ભસ્મ બિલ્વપત્ર નમણ મંદિર કે તેના શુભેચ્છક મોકલતા. સોમનાથ મંદિરની પ્રતિકૃતિની એકવાર ટીકીટ પણ બહાર પડેલ. ગામમાં લાલ ડબ્બાવાળી ટપાલ પેટીઓ શેરીના નાકે મુકાતી અને તેના ઉપર ટપાલ કાઢવાનો સમય લખાતો છેલ્લી ઘડીએ આવનારા પેટી કાઢનારને પોતાનો પત્ર લઈ લેવા આજીજી કરતા. પેટી તો ગામમાં હવે કયાંય દેખાતી નથી. આવી પેટી અને તેની દુર્દશા જોવી હોય તો વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના પ્રવેશ દ્વાર પાસે જોજો.

હાલ ચોકકસ રકમ ભરવાથી સોમનાથ મંદિરની પ્રસાદી ભાવિકોને ઘેરબેઠે પહોંચાડાયા છે. તેમજ પોષ્ટઓફીસમાં ગંગાજળ બોટલ વિતરણ પણ કરાય છે.

ટપાલી અને પોષ્ટ માસ્તરને ગામ આખુ ઓળખતું અને દિવાળીમાં બોણી પણ આપતું આજે કોણ પોષ્ટમાસ્તર છે. તેનું નામ કે ચહેરાને કોઈ ઓળખતું જ નથી.

વેવિશાળનો સ્વીકાર પોષ્ટ કે તાર દ્વારા જ કરાતો જે માન્ય ગણાતો અને વેવિશાળ થયેલ વાગડતા પત્રના કવર ઉપર અંગત લખે એટલે ઘરે કોઈ તે કવર ન ખુલે તો કેટલાંક પ્રેમીયુગલોએ પોતાનું કવર પોતાને જ મળે તેવો પોસ્ટ ખાતે જઈ પ્રબંધ કરતા.

ગામમાં કોઈને ઘેર લગ્ન, વાસ્તુ, નવી દુકાન, મકાન ભોજન હોય ત્યારે પોષ્ટ માસ્તર કે પોષ્ટમેનને અવશ્ય આમંત્રણ અપાતું.

તે જમાનાની ફિલ્મોમાં ટપાલ લગતી ફિલ્મો ગીતો પણ હોંશથી નીખરતાં

- ખત્ લિખદે સાવરીયોં કે નામ બાબુ કોરે કાગજ પે લીખદે સલામ બાબુ, વો જાત જાયેગે, વો માન જાયેગે.

- યે મેરા પ્રેમપત્ર પઢકર તું નારાજ ન હો.

-ડાકીયાં ડાક લાયા, ખુશી કા સંદેશા લાયા

સુપ્રસિધ્ધ ગઝલગાયક જગતસિંહનું જાણીતું ગીત, તેરે ખત આજ મેં ગંગા મેં બહાર આયા હું, આગ પાની લગા આયા હું.

ડાક બાબુ ડાકઘર નામની ફિલ્મો પણ બની હતી. પરીક્ષામાં પાસ થયાની માર્કશીટ પાસની જાણ ટપાલ દ્વારા જ મળતી તો નોકરીનો ઓર્ડર ટપાલથી જ મળતો. તેનવો જે રોમાંચ હતો તે આજના મોબાઈલ, વોટસએપ, ઈન્સ્ટાગ્રામમાં નથી. આંગડીયા સર્વીસ, કોમ્પ્યુટર, મોબાઈલે પોસ્ટ ઓફીસને સાવ વિસરાવી જ દીધી. હજુ એવા પણ દિવસોની શકયતા કે એકથી પોષ્ટઓફીસ ઈતિહાસ પાને રહેશે.

## ન્યુ સનસાઈન સ્કૂલ-લોઢવાની એક અનેરી પહેલ - નિરાધાર તેમજ વિધવા મહીલાનું બાળક મફતમાં ભણશે

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૯

લોઢવા મુકામે આઠ વર્ષથી ચાલતી ન્યુ સનસાઈન સ્કૂલમાં આજે બસ્સો પચાસથી વધુ બાળકો અભ્યાસ કરી રહ્યા છે.શાળામાં બાળકો માટેની સુંદર વ્યવસ્થા,વિશાળ મેદાન,રમત ગમતના સાધનો,આધુનિક ઉપકરણ સાધનો તેમજ ઉત્તમ સ્ટાફ ઉપલબ્ધ છે.શાળામાં હિન્દુ સંસ્કૃતિનું જતન થતું જોવા મળે છે.અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો ઉજવાય છે.અલગ અલગ વિષયો આધારિત શિક્ષણવિદો દ્વારા શિબિરો,ગણેશ ઉત્સવ,રાષ્ટ્રીય તહેવારો,વાર્ષિક મહોત્સવ વગેરેની ઉજવણી થાય છે.બાળકો પોતાની કળાઓ રજૂ કરતાં જોવા મળે છે.શાળાના ટ્રસ્ટીશ્રી એ નિર્ણય કર્યો છે કે હવે પછી કોઈપણ વિધવા મહીલાનું બાળક તેમજ નિરાધાર બાળકો માટે તદન ફ્રી માં અભ્યાસ કરવા નવી પહેલ કરી છે.આવા બાળકોને નવા સત્રથી પ્રવેશ મેળવનારની તમામ સ્કૂલ ફી માફ કરી દેવામાં આવશે.

# સલાયામાં હિન્દુ સમાજનું સમૂહ ભોજન યોજાયું

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે સ્વ. લક્ષ્મીદાસ ગોકલદાસ દાવડા પરિવાર દ્વારા સલાયા લોહાણા મહાજન વાડી ખાતે બપોરે સમસ્ત હિન્દુ સમાજના સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્રહ્મ સમાજની આરતી ઉતારીને સમૂહ ભોજનનો પ્રારંભ કરાયો હતો.

આ તકે આયોજક પરિવારના હિતેશભાઈ દાવડા તેમજ કમલેશભાઈ અને મિલનભાઈનું સલાયા લોહાણા નવરાત્રી સમિતિના ઉપપ્રમુખ અને સલાયા શહેર ભાજપ મહામંત્રી લાલજીભાઈ ભુવા દ્વારા સાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજુભાઈ રિસ્કા દ્વારા પૂજન-અર્ચન કરાવાયું હતું.

## :: બેસણું/ પ્રાર્થના સભા ::

જૂનાગઢ : નાથળિયા ઊનેવાળ બ્રાહ્મણ ગં.સ્વ. નર્મદા બેન નાનાલાલ દવે ઉંમર વર્ષ ૮૯ તે અંબાશંકર ભાઈ જેરામભાઈ મહેતાના દીકરી તેં મહેન્દ્રભાઈ, સ્વ. મુકેશભાઈ , શ્યામભાઈ(નલીનભાઈ), સુધીરભાઈ, અ.નિ. દક્ષાબેન એ મહેતા, અ.નિ. કુંજુબેન ડી મહેતાના માતુશ્રી તથા જીતુભાઈ તથા રાજુભાઈના મોટા બા તા.૦૯/૧૦/૨૦૨૩ સોમવારના રોજ અક્ષર નિવાસી થયેલ છે. તેમનું બેસણું તા.૧૨ ગુરૂવારના ૩ થી ૫ નાથળીયા ઊનેવાળ બ્રહ્મસમાજ ની વાડી, ગાંધીગ્રામ જૂનાગઢ ખાતે રાખેલ છે.


## જૂનાગઢમાં હોમીયોપેથીનાં M.D. ડો. જતીન બી. મશરૂ - ડો. શિલ્પા મશરૂનાં સફળતાનાં ૩૦ વર્ષ પૂર્ણ - એક પરિચય

જૂનાગઢ જિલ્લામા હોમીયોપેથીક ક્ષેત્ર વર્ષોના અનુભવી તથા શુધ્ધ હોમીયોપેથીક સારવાર દ્વારા હજારો જુના હઠીલા તથા અસાધ્ય રોગો દૂર કરનાર ડો. જતિન મશરૂથી સહુ પરીચીત હશે. તેમણે જૂનાગઢ ખાતે ૧૯૯૩માં હોમીયોપેથીક કલીનીક એક નાની ઓફીસમાં શરૂ કરી આજે જુનાગઢની સૌથી મોટી અને આધુનિક ક્લિનીક ધરાવે છે. સરળ સ્વભાવ તથા મૃદુભાષી ડો. જતિન મશરૂ સેવામાં પણ હંમેશા આગળ રહેતા હોય છે. કોઈપણ ધર્મનાં સંતોની વિના મુલ્યે સારવાર તથા કોવિડ જેવા કપરા સમયમાં એકપણ દિવસ પોતાની ક્લિનીક બંધ ન રાખીને દરેક દર્દીને સંપૂર્ણ વિનામુલ્યે સારવાર આખુ વર્ષ આપેલ. તેમના જણાવ્યા પ્રમાણે આધાશીશી, એલર્જી, થાઈરોઈડ, ડાયાબીટીસ, દરેક પ્રકારના વા, ચામડીના રોગો, જુના પેટના રોગો, પથરી તથા વારંવાર ઉથલો મારતા રોગોમાં હોમીયોપેથીક સારવાર શ્રેષ્ઠ હોવાનું જણાવે છે.

જૂનાગઢ ક્ષેત્રે ચામડી તથા વાળના રોગોમાં આધુનિક સારવાર માટેના વિકલ્પ એટલે ડો. શિલ્પા મશરૂ છે. ખીલ, ખીલના ડાઘ, દાજ, હાથ-પગ-ચહેરા પરથી અનિચ્છીત વાળ દૂર કરવા, મસા, કપાસી ઈન્સટન્ટ ચહેરાની કાળશા દૂર કરવી તથા દરેક પ્રકારનાં પીલીંગ અને Q-Switch જેવી સારવાર U.S.A., FDA એપ્રુવ્ડ મશીન દ્વારા એકદમ વ્યાજબી ભાવે કરી આપવાનો વિકલ્પ આપનાર ડોકટર તરીકે જાણીતા છે. વાળ ખરવા કે ઓછા થવામાં સામાન્ય સારવારથી લઈને P.R.P. પ્રોસેસ સુધીની આધુનિક સારવાર પણ અહી મળી રહે છે. તેઓ માત્ર બાહ્ય સારવાર નહિ પરંતુ શરીરમાં રહેલા રોગોના કારણોને પણ મહત્વ આપી તેની સારવાર કરી સંપૂર્ણ રોગમુકત કરવામાં માને છે.

ડો.જતીન બી. મશરૂ
M.D.
83204 96880
94262 06356

ડો.શિલ્પા જે. મશરૂ
B.H.M.S.
91068 85140
94283 41315

Dr. Mashru's HOMOEPATHY
(Since - 1993)
CLINIC
☎ : 0285 - 2622727
: 90167 35702

૨૦૬, નોબલ પ્લાઝા, એસ.બી.આઇ. કાળવા ચોક બ્રાન્ચની ઉપર, જુનાગઢ

# કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ નવરાત્રિના આયોજકો સાથે બેઠક યોજી : સુચારૂ આયોજન માટે પરામર્શ કરાયો





- ● યુવાઓમાં હૃદય રોગના બનાવોથી તંત્ર સજાગઃ કલેકટરશ્રીએ નવરાત્રીના આયોજકોને પ્રાથમિક તબીબી વ્યવસ્થાઓ રાખવા આપી સૂચના
- ● ખેલૈયાઓની કાળજી : નવરાત્રી દરમિયાન આરોગ્યને ધ્યાનમાં રાખી શું કરવું ? અને શું ન કરવું ? માટેની માર્ગદર્શિકા બહાર પડાશે
- ● નવરાત્રિના દરેક આયોજકોને ૧૦ સ્વયં સેવકોને કટોકટીમાં જીવ બચાવવા માટેની ઝઈંની તાલીમ પણ તંત્ર દ્વારા અપાશે
- ● આયોજકો દ્વારા વેચાણથી અપાતા ફૂડની ગુણવત્તા જળવાઈ રહે તે માટે જરૂરી સૂચના અપાઈ
- ● ખેલૈયાઓને સુરક્ષિત વાતાવરણ મળી રહે તે આપણા સૌની જવાબદારી : કલેક્ટર

જૂનાગઢ, તા.૯

નવલા નોરતાને આડે હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે આ મહાપર્વ દરમિયાન સુચારૂ વ્યવસ્થાઓ જળવાઈ રહે અને ખાસ કરીને યુવાઓમાં હૃદય રોગના બનાવો ધ્યાને આવ્યા છે, ત્યારે જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ નવરાત્રિના આયોજકો સાથે બેઠક યોજી હતી અને વિશેષ કરીને આરોગ્યલક્ષી જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવા અને નવરાત્રિ દરમિયાન સ્થળ પર પ્રાથમિક તબીબી સેવાઓ મળી રહે તે માટે આયોજકોને જરૂરી સૂચનાઓ આપી હતી.

કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં નવરાત્રીના દરેક આયોજકોને ૧૦ જેટલા સ્વયંસેવકોને કટોકટીના સમયમાં જીવ બતાવવા માટે CPR એટલે કે કાર્ડિયો પલ્મોનરી રિસુસિટેશનની તાલીમ લેવા માટે સૂચના આપવામાં આવી હતી. આ માટે તાલીમની તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે. કલેકટરે ખેલૈયાઓના આરોગ્યને ધ્યાનમાં રાખી નવરાત્રી દરમ્યાન શું કરવું ? અને શું ન કરવું ? તે માટે માર્ગદર્શિકા તૈયાર કરવા માટે પણ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. માર્ગદર્શિકા તૈયાર થયે કોલેજ મારફત વિદ્યાર્થીને આ માર્ગદર્શિકા સમજુત કરવા માટે પણ નિર્દેશ આપવામાં આવ્યા હતા. ઉપરાંત ખેલૈયાઓ બીમારીનો ભોગ ન બને તે માટે આયોજકો દ્વારા વેચાણથી આપતા ફૂડના ગુણવત્તા જળવાઈ તે માટે પણ સૂચના આપી હતી. ખેલૈયાઓને પૂરતો વિશ્રામ મળી રહે અને તેમના આરોગ્ય પર વિપરીત અસર ન પડે તે માટે નવરાત્રીના આયોજકોને રાસ -ગરબાના બે રાઉન્ડ મર્યાદિત સમય રાખવા માટે પણ જણાવવામાં આવ્યું હતું.

આ બેઠકમાં ધ્વનિ પ્રદુષણ અટકે તે માટે નિયત કરાયેલ માપદંડ માર્ગદર્શિકાને અનુસરવા માટે નવરાત્રીના આયોજકોને સુચના આપવામાં આવી હતી. નવરાત્રી દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા પણ સુચારું જળવાઈ રહે અને કોઈ દુર્ઘટના ન બને તેની તકેદારી લેવા પણ સૂચનાઓ આપવામાં આવી હતી. ઉપરાંત આયોજકોને ઈમરજન્સી એક્ઝિટની વ્યવસ્થા રાખવા માટે કલેકટરશ્રીએ નિર્દેશ આપ્યાં હતા. આમ, ખેલૈયાઓને સુરક્ષિત વાતાવરણ મળી રહે તે આપણા સૌની જવાબદારી છે. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર પી.જી. પટેલ, સિવિલ સુપ્રીટેન્ડેન્ટ કૃતાર્થ બ્રહ્મભટ્ટ, પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા સહિતના અધિકારીઓ અને નવરાત્રીના આયોજકો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ કૃષિ યુનિ. કપાસ સંશોધન કેન્દ્ર ખાતે વિશ્વ કપાસ દિવસની ઉજવણી કરવામાં આવી

## કપાસમાંપાછતરી માવજત વિષય ઉપર ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો



જૂનાગઢ, તા.૯

જૂનાગઢકૃષિ યુનિ.ના કપાસ સંશોધન કેન્દ્ર ખાતે તા.૭ ઓકટોબર ૨૦૨૩ના રોજ "વિશ્વ કપાસ દિવસ" ની ઉજવણી અને કપાસમાંપાછતરી માવજત વિષય ઉપર ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં જૂનાગઢ જીલ્લાના પ્રગતિશીલ ખેડૂતભાઈઓ, એફ્પ્રો, રાસી સીડ્સ, રિલાયન્સ ફાઉન્ડેશન, મહિન્દ્રા કૃષિ-ઈ અને વેદાસીડ્સ સાયન્સીસ પ્રા. લિ.ના પ્રતિનિધિઓ તેમજ કપાસ સંશોધન કેન્દ્રના અધિકારીઓ/ કર્મચારીઓએ ભાગ લીધો હતો.

જેમા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ ખેડૂત તાલીમ કાર્યક્રમનાં ઉદ્દ્ઘાટન સમારંભમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.વી. પી. ચોવટીયા, સંશોધન નિયામક ડો.આર. બી. માદરીયા, કુલસચિવ ડો. પી.એમ. ચૌહાણ, વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન. બી. જાદવ, કપાસ સંશોધન કેન્દ્રના વડાશ્રી ડૉ.એમ. જી. વળુ અને યુનિટના અધિકારીઓ / કર્મચારીઓની ઉપસ્થિતિમાં આ વિશ્વકપાસ દિવસની ઉજવણી અને ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. સમારંભની શરૂઆતમાં ડૉ. એમ. જી. વળુ, સંશોધન વૈજ્ઞાનિક (કપાસ) દ્વારા શાબ્દિકસ્વાગતકરવામાં આવ્યું હતું અને વિશ્વ કપાસ દિવસની ઉજવણી શા માટે કરવામાં આવે છે તેની વિગતો આપીહતી તથા કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

આ પ્રસંગે કુલપતિ ડો.વી. પી. ચોવટીયા એ માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, કૃષિ યુનિવર્સિટી દ્વારા કપાસ ઉત્પાદન વધારવા જેનવી નવીટેકનોલોજી આપેલ છેતેનો મહત્તમ ઉપયોગ કરી હાલની જે ઉત્પાદન ક્ષમતા છે તેના કરતા ઘણું વધુ ઉત્પાદન આપણે મેળવી શકીએ તેમ છીએ.સંશોધન નિયામક ડો.આર. બી. માદરીયા એ ગુલાબી ઈયળ અને જીવાતનીઆર્થિકક્ષમ્યમાત્રા તેમ જ દવા લેતી વખતે કઈ બાબત ધ્યાનમાં રાખવું તેની માહિતી આપી હતી. કુલસચિવ ડો. પી. એમ. ચૌહાણ એ કપાસની સાંઠીઓમાંથી બનતા બાયોચાર વિષેમાહિતી આપી હતી. બાયોચાર એ જમીનમાં કાર્બન ઉમેરવાનું કામ કરે છે, તેમજ સાથે સાથે ફાર્મમશીનરી અને ટેકનોલોજી વિષે ખેડૂતોને માહીતગાર કર્યા હતા. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડો. એન. બી. જાદવ જણાવ્યું કે,વિશ્વ કપાસ દિવસની ઉજવણીનું મહત્વ અને વિસ્તરણની પ્રવૃતિઓ વિશે માર્ગદર્શન આપેલ હતું. કાર્યક્રમની આભારવિધિ ડો. એમ. વી. વરીયા દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ આ ખેડૂત તાલીમકાર્યક્રમમાં "કપાસમાં પાછતરી માવજત" વિષય પર અત્રેના કેન્દ્રનાં જુદા-જુદા વૈજ્ઞાનિકો દ્વારાવ્યાખ્યાનો રાખવામાં આવેલ હતા અને કપાસની હાલની પરીસ્થિતિમાં મૂંઝવતા પ્રશ્નોનું વૈજ્ઞાનિક ઢબેયોગ્ય માર્ગદર્શનઆપવામાં આવેલ હતું . આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી. એ. આર. ત્રાબંડીયા દ્વારાકરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કપાસ સંશોધન કેન્દ્રની પૂરી ટીમે જહેમત ઉઠાવી હતી.

# આઈસીડીએસ શાખાના પ્રોગ્રામ ઓફિસરની સ્પષ્ટતા

## આંગણવાડી બહેનોના બિલ માટે ગ્રાન્ટ ફાળવ્યા બાદ સીધા વર્કર બહેનોના ખાતામાં બિલની રકમ જમા કરી આપવામાં આવશે

જૂનાગઢ, તા.૯

ભાડું, રજીસ્ટર, બિલ વગેરે ન ચૂકવતા આંગણવાડી બહેનોનો હલ્લાબોલ તેવા મથાળા સાથે એક અગ્રણી અખબારમાં અને તે જ મતલબના એક ચેનલમાં સમાચારો અહેવાલો પ્રસિદ્ધ થયા હતા. તે અંગે આઈસીડીએસ શાખાના પ્રોગ્રામ ઓફિસર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે.

આ સ્પષ્ટતા મુજબ સરકારશ્રીના નિયમો અનુસાર આંગણવાડી વર્કર બહેનોને ચૂકવવામાં આવતા ગરમ નાસ્તા બીલ તેમજ ફળના બિલ પી.એફ.એમ.એસ. પોર્ટલ મારફત સીધા વર્કર બહેનોના ખાતામાં જમા કરવામાં આવતા હોય તેમજ સરકારશ્રી દ્વારા પી.એફ.એમ.એસ. પોર્ટલ પર આ બિલના ચુકવણા માટેની ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી. જેથી સરકારશ્રી દ્વારા અત્રેના જિલ્લાને ગ્રાન્ટ ફાળવ્યા બાદ સીધા વર્કર બહેનોના ખાતામાં આ બિલની રકમ જમા કરી આપવામાં આવશે. તેમજ આ પ્રશ્ન એક જૂનાગઢ જિલ્લાનો નહીં પરંતુ ગુજરાત રાજ્યના તમામ જિલ્લાનો હોય. જેવી સ્પષ્ટતા કરવામાં આવી છે.

# વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓપ. બેન્કને પાંચમી વખત બ્લુ રીબન એવોર્ડ એનાયત થયો



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૯

વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક લી. એ સતત પાંચમી વખત રાષ્ટ્રીય કક્ષાએ 'બેન્કો બ્લુ રીબન' એવોડ મેળવતા સમગ્ર વેરાવળ પંથક અને સૌરાષ્ટ્રની સહકારી સંસ્થાઓ માટે ગૌરવ સમાન છે. સહકારી ક્ષોત્રે આગવું સ્થાન ધરાવતા અને પ્રતિષ્ઠીત બેંક્રો મેગેઝીન દ્વારા ભારતભરની આશરે ૧૪૮૯ જેટલી નાગરિક સહકારી બેંક્રો માટે યોજવામાં આવેલ 'બેન્કો બ્લુ રીબન' સ્પર્ધામાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ઉત્કૃષ્ટ કામગીરી માટે ધી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લી. ને રૂા.૬૦૦ કરોડ થી રૂા.૭૦૦ કરોડ ડીપોઝીટ કેટેગરીમાં, પ્રથમ સ્થાન હાંસલ કરવા બદલ દમણ મુકામે યોજાયેલા સમારંભમાં રીઝર્વ બેંક્ર ઓફ ઈન્ડીયાના એકસ. ચીફ જનરલ મેનેજર પી. કે. અરોરાના હસ્તે બેન્કો બ્લુ રીબન એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લી. ને સતત પાંચમા વર્ષે આ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે જે સમગ્ર વેરાવળ પંથક અને સૌરાષ્ટ્રની સહકારી સંસ્થાઓ માટે ગૌરવ સમાન છે. બેન્કના ચેરમેન નવીનભાઈ એચ. શાહ, વાઈસ ચેરમેન ભાવનાબેન એ. શાહ તથા સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટર્સ, બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા બેન્કની આ સિધ્ધીને સર્વે સભાસદો, થાપણદારો અને ગ્રાહકોના બેંક્ર ઉપરના અતુટ વિશ્વાસ અને સહકારને સમર્પીત કરેલ હોવાનું સી.ઈ.ઓ. તથા જનરલ મેનેજર અતુલ ડી. શાહે એક યાદીમાં જણાવેલ છે.

# વેરાવળ સિટી સર્વે કચેરીના અધિકારીની મનમાનીથી કામો ટલ્લે ચડતા હોવાથી વકીલોમાં રોષ

## બાર એસો.એ ઉચ્ચકક્ષાએ પત્ર પાઠવી અધિકારીની બદલી કરો અન્યથા જલદ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી : સીટી સર્વેના અધિકારી વકીલોને થાય તે કરી લેવાની ધમકી આપતા હોવાનો બાર એસો.નો આક્ષેપ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૯

વેરાવળમાં સીટી સર્વે કચેરીના અધિકારીની મનમાનીથી લોકોના કામો ન થતા હોવા અંગે વેરાવળ બાર એસો. દ્વારા જીલ્લા સુપ્રિટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ અધિકારીને લેખીત રજૂઆત કરી અધિકારીની તાત્કાલીક બદલી કરી નવાની નિમણુંક કરવાની માંગણી કરી છે. જો માંગણી નહીં સંતોષાય તો બાર એસો.ને જલદ આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી આપેલ છે.

વેરાવળ બાર એસો.એ કરેલ રજૂઆતમાં જણાવેલ કે, અત્રેની સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ ઓફીસમાં ઘણાં લાંબા સમયથી રેવન્યુ રેકર્ડ પ્રોપર્ટી કાર્ડમાં નોંધ કરવા બાબતે કચેરીના અધિકારી ધ્રુવેશભાઈ કાળુસિંહ ડોડીયા મનમાની કરતા હોવાના કારણે જોડીયા શહેરની રેવન્યુ કામગીરીમાં ઘણો ભરાવો થયેલ છે. તાજેતરમાં વેરાવળ–પાટણ પાલિકા હદનો તથા ગ્રામ્ય વિસ્તારનો સમાવેશ સીટી સર્વે કચેરીમાં આવેલ છે. તેવા સંજોગોમાં રેવન્યુ નોંધ પડાવવા અંગે અધિકારી દ્વારા બીનખેતી થયેલ ત્યારથી છેલ્લી નોંધ સુધી અલગ અલગ નોંધ પડાવવા માટેનો આગ્રહ રાખતા હોય જયારે રેવન્યુ તલાટી દ્વારા ગામ નમુના નં.૨ માં નોંધ પડેલ હોય તો પણ તેને ધ્યાને લેતા ન હોય અને તેમની તુમારશાહીના કારણે તમામ રેવન્યુ નોંધ બીનખેતીથી કરવાનો આગ્રહ રાખતા હોય જેથી રેવન્યુ પ્રેકટીસ કરતા વકીલોને યેનકેન પ્રકારે હેરાન પરેશાન કરી રેવન્યુ નોંધ કરવામાં આવતી નથી. સબ પ્લોટીંગ પૈકી નોંધ પણ લાગતા વળગતાની કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરી અન્ય સબ પ્લોટીંગની નોંધ નામંજુર કરવામાં આવતી હોય તેમજ વારસાઈ નોંધ દાખલ કરવા નોટરી દ્વારા માટે મરણનું પ્રમાણપત્ર ડુપ્લીકેટ / અસલનો આગ્રહ રાખતા હોય અને વકીલ પ્રમાણીત કરેલ મરણના પ્રમાણપત્ર રજુ કરતા હોય તેને માન્ય ન રાખી સતાનો દુરઉપયોગ કરી થાય તે કરી લેવાની ધમકી વકીલોને આપે છે.

વધુમાં જણાવેલ કે, કોઈપણ અરજદાર તેમના રેકર્ડની કે પ્રોપર્ટી કાર્ડના ખરીનકલની માંગણી કરે છે ત્યારે ઓનલાઈન રેકર્ડ કઢાવી લેવાનું જણાવી અરજદારોને કચેરીમાંથી રવાના કરી દેવામાં આવે છે. આવી ઘણી બધી મુશ્કેલીના કારણે અરજદારો તેમજ વકીલોને મુશ્કેલી પડે છે. ટુંકા સમયના કામોમાં ઘણા બધો સમય કાઢે છે તેમ છતાં કામ થતા ન હોય અને કામનો ઘણો જ ભરાવો થાય છે. આવા અધિકારીની માનસીક સ્થિતિમાં સુધારો ન આવે તો વકીલોને હેરાન થાય છે જેથી વકીલો કામ કરી શકે તેમ ન હોય આ અંગે અગાઉ પણ લેખીત તથા મૌખીકમાં જાણ કરવા છતા આ અધિકારી સામે કોઈ પગલાં લેવાયેલ ન હોય અને તેમની મનમાની ચલાવે છે આ અધિકારીની તાત્કાલીક બદલી કરી નવા અધિકારીની નિમણુંક કરવામાં નહીં આવે તો જલદ આંદોલન કરવાની ફરજ પડશે તેવું રજૂઆતના અંતમાં જણાવેલ છે.

# જૂનાગઢ જીલ્લાના ખેડૂતોએ ખેતરની ફરતે સોલાર ફેન્સીંગ બનાવવા સોલાર પાવર યુનિટ / કિટ ખરીદીમાં નાણાંકીય સહાય માટે અરજી કરવી

## આઇ ખેડુત પોર્ટલ ઉપર આવતીકાલ તા.૯ ઓકટોબરથી અરજીનો પ્રારંભ

જૂનાગઢ,તા. ૯

ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ ઘરઆંગણે સરળતાથી મળી રહે તે હેતુસર www. ikhedut. gujarat. gov.in (આઈ ખેડૂત) પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. આ પોર્ટલ મારફત સને ૨૦૨૩-૨૪ માટે સહાય અરજીઓ મેળવવાની થાય છે.

રાજયના ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો મહત્તમ લાભ મળી રહે તે આશયથી રાજય સરકારશ્રીએ સને ૨૦૨૩-૨૪ માટે આઈ ખેડુત પોર્ટલ ખેતરની ફરતે સોલાર ફેન્સીંગ બનાવવા સોલાર પાવર યુનિટ / કિટ ખરીદીમાં નાણાંકીય સહાય માટે ખેડૂતોની અરજી સ્વિકારવા તારીખ ૯/૧૦/૨૦૨૩ ના રોજ ૧૦:૩૦ કલાકે ઓનલાઈન અરજીઓ કરવા માટે પોર્ટલ ખુલ્લું મુકવામાં આવનાર છે. જે ધ્યાને લઈ તમામ ખેડુતોને તેઓની જરૂરીયાત મુજબ આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવા જણાવવામાં આવે છે. સને ૨૦૨૩-૨૪ થી ખેડૂતો દ્વારા કરવામાં આવનાર અરજીઓના ઓટો ઈનવર્ડની પધ્ધતિ દાખલ કરવામાં આવેલ છે આથી, અરજદારે ઓનલાઈન કરેલ અરજીની પ્રીન્ટ પોતાની પાસે જ રાખવાની રહેશે તથા કોઈ કચેરી ખાતે જમા કરાવવાની જરૂરીયાત નથી પરંતુ, ઓનલાઈન કરેલ અરજીને ખેતીવાડી ખાતા દ્વારા જો પુર્વ મંજુરી આપવામાં આવે તો અરજદાર દ્વારા નિયત સમયમર્યાદામાં ખરીદી કર્યાબાદ ખેડૂતે સહી કરેલ અરજીની પ્રીન્ટઆઉટ સાથે જરૂરી સાધનિક પુરાવા સાથેનો કલેઈમ સબંધિત કચેરીએ રજુ કરવાનો રહેશે. એમ જૂનાગઢ જિલ્લા પંચાયત ખેતીવાડી અધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

### અલગતાવાદીઓ પ્રત્યે કેનેડાનો લગાવ ભારત જ નહીં, શ્રીલંકા અને બાંગ્લાદેશના પણ નિશાના પર

અલગતાવાદીઓ પ્રત્યે કેનેડાનો લગાવ ભારત જ નહીં, શ્રીલંકા અને બાંગ્લાદેશના પણ નિશાના પર આવી ગયો છે. બાંગ્લાદેશના વિદેશ મંત્રી એ.કે. અબ્દુલ મોમેને સ્પષ્ટ કહ્યું કે કેનેડા હત્યારાઓનો ગઢ બની ગયું છે. તેમણે બાંગ્લાદેશના જનક શેખ મુજીબુર રહમાનના હત્યારાનું પ્રત્યાર્પણ નહિ કરવા માટે કેનેડાની આકરી ટીકા કરી છે. બાંગ્લાદેશના મંત્રીની ટિપ્પણી ત્યારે આવી છે જ્યારે ભારત સતત પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યું છે. કેનેડા એક જાહેર આતંકી હરદીપ નિજ્જરની હત્યાનો દોષ ભારત પર નાખ્યો છે, પરંતુ હજુ સુધી પુરાવા નથી આપ્યા. આ કારણે ભારત અને કેનેડા વચ્ચે કૂટનીતિક તણાવ વધી ગયો છે. ભારતની ફરિયાદ સાથે બાંગ્લાદેશ પણ પોતાનો સૂર પૂરાવ્યો છે. એ સાચું છે કે કેનેડા કથિત ઉદારવાદી લોકતંત્રના નામે કેટલાય દેશોના ચરમપંથીઓ અને અપરાધીઓને આશ્રય આપી રહ્યું છે. બાંગ્લાદેશ ઉપરાંત શ્રીલંકાના વિદેશમંત્રીએ પણ કેનેડાને ઝાટક્યું હતું. અસલમાં લાંબા સમયથી કેનેડા શ્રીલંકાની ટીકા કરતું આવ્યું છે. એ સાચું છે કે અનેક દેશોની જેમ કેનેડાને પણ આતંકી સંગઠન લિટ્ટે દ્વારા કરવામાં આવેલ હિંસા નથી દેખાતી, પરંતુ શ્રીલંકા સરકાર પર આ દેશો નરસંહારના આરોપ લગાવતા રહ્યા છે.

આજે ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ જેવા દેશો માટે એ જરૂરી છે કે પોતાનો અવાજ ઉઠાવે, જેથી પશ્ચિમી દેશોનો દૃષ્ટિકોણ બદલાય. માનવાધિકાર અને કથિત ઉદારવાદના બહાને પશ્ચિમના દેશોને ભારત જેવા દેશની ટીકા કરવાની ટેવ જ પડી ગઈ છે. પશ્ચિમના કેટલાક દેશો અપરાધીઓને પણ સ્વતંત્ર અભિવ્યક્તિના ઓઠા હેઠળ આશ્રય આપવા લાગ્યા છે. આતંકી નિજ્જર મામલે એ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે તેને કેનેડાના ગુપ્તચર અધિકારી પણ મળતા હતા. શું કેનેડાના ગુપ્તચર અધિકારીઓને ખબર નહીં હોય કે નિજ્જરના ઈરાદા કેવા છે? જે કેનેડા સરકાર રોજેરોજ ખાલિસ્તાન સમર્થકોને પ્રદર્શનની છૂટ આપી રહી છે, શું તેને ખબર નથી કે ભારતે કેટલી કુરબાની આપ્યા બાદ પંજાબમાં શાંતિ સ્થાપી છે અને પંજાબમાં સતત લોકતાંત્રિક રીતે સરકારો ચૂંટાઈ રહી છે? તે આખરે ભારત, બાંગ્લાદેશ અને શ્રીલંકામાં અતિવાદી તત્ત્વોને કેમ ઉત્તેજન આપવા માંગે છે? કેનેડાએ વાસ્તવિક ઉદારવાદ તરફ પાછા ફરવું જોઈએ. અતિવાદને આશ્રય આપવાનું પરિણામ પાકિસ્તાનથી બહેતર કોણ જાણી શકે? આતંકવાદને આશરો આપતાં આપતાં પાકિસ્તાન આર્થિક, રાજકીય અને સામાજિક બદહાલીની ખાઈમાં પહોંચી ગયું છે. ભારતે વારંવાર કહ્યું છે કે પડોશી દેશ આતંકવાદનો રસ્તો છોડી દે, તેનો પક્ષ ન લે, પરંતુ પાકિસ્તાનને સારી સલાહ ગમતી જ નથી. પરિણામ બધા જોઈ રહ્યા છે. આતંકીઓને પોષનારું પાકિસ્તાન આજે ખુદ આતંકિત છે. ગઈકાલે જ તેના બલુચિસ્તાન વિસ્તારમાં એક મસ્જિદ પાસે વિસ્ફોટમાં ૬૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા. આવા તો વર્ષમાં કેટલાય વિસ્ફોટ પાકિસ્તાનમાં થાય છે. કેનેડા જેવા કથિત ઉદારવાદી દેશે પણ આતંકીઓને આશ્રય આપવાનું બંધ કરવું જોઈએ અને સમગ્ર દક્ષિણ એશિયામાં શાંતિને ઉત્તેજન આપવા વિશે વિચારવું જોઈએ.

## મંગળવારે પિતૃઓને મોક્ષ ગતિ આપતી ઈન્દિરા એકાદશી નું મહત્વ અને પૂજન

ઈન્દિરા એકાદશી .. તા ૧૦.૧૦.૨૩ ને મંગળવારે પિતૃદોષને શાંત કરતી અને પિતૃઓને મોક્ષ ગતિ આપતી ઈન્દિરા એકાદશી છે ઈન્દ્રએ આ વ્રત કરી ભગવાન વિષ્ણુને પ્રસન્ન કર્યા હતા. અને પોતાના માતા પિતાનો મોક્ષ થયો હતો તેની યાદ અપાવતી એકાદશી ઈન્દ્ર એકાદશી.આ એકાદશી નુ વ્રત કરવાથી પિતૃઓને મોક્ષ ગતી મળે છે.અને વાજપેય યજ્ઞ નુ ફળ પ્રાપ્ત થાય છે. આ એકાદશીનું વ્રત કરવાથી પિતૃ ઓને મોક્ષ ગતિ મળે છે

ભગવાન શ્રી કૃષ્ણ કહે છે સત્યયુગ મા ઈન્દ્રસેન નામના રાજા થઈ ગયા ત્યા એકવાર નારદજી પધારે છે.રાજા નારદજીને પ્રણામ કરી આદર સત્કાર આપે છે અને રાજા નારદજીને પુછે છે પુજા ના કેટલા પ્રકાર હોય છે ત્યારે નારદજી કહે છે ત્રણ પ્રકારે પુજા થાય છે એક તો વૈદિક પુજા જે સાત્વિક ગણાય છે જેમાં વ્રત, જપ, તપ વૈદિક પૂજા પાઠ મંત્રચાર રુદ્રી ચંડીપાઠ આવે છે. બીજો પ્રકાર છે. પૌરાણિક : જે પણ સાત્વીક અને ઉત્તમ છે. તેમાં સ્તોત્રોના પાઠ કરવા રામાયણ ભગવાન જેવા ગ્રંથોનુ શ્રવણ કરવુ સંત સમાગમ એટલે કે સંતોના આર્શીવાદ લેવા પુજા પાઠ કરવા ત્રીજો પ્રકાર છે તાંત્રિક જે થોડો કઠીન અને ગુરૂમુખી છે જેનો ઉપયોગ યોગ્ય સમયે જ કરી શકાય છે. પરંતુ સચા માર્ગે ચાલવુ એ જ સાચું

પુજામાં જે વૈદિક મંત્ર ભણીએ તેમા પરમ તત્વની પહેચાન કરવાની સામગ્રી જ ભરી છે અને નારદજી કહે છે આપણો પુર્વજોના ગુણોનુ ચિંતન શ્રાધ્ધ ગણાય છે.આ જન્મમા કરેલા અશુભ કર્મો આગલા જન્મમા નડે જ છે અને પૂર્વજનોના પાપો તેમના વંશ વારસા ને નડે છે.પાપ છે તે તળિયા વિનાના ખાડા જેવુ છે જેમા પડતા બચી શકો પરંતુ એકવાર પડયા પછી બહાર નીકળી શકતા નથી આથી પાપનો તિરસ્કાર કરો અને પાપીના સંગથી પણ દુર રહો.નારદજી ઈન્દ્રસેન ને કહે છે સંત સમાગમ અને ભાગવત, રામાયણ, નુ પઠન જે પાપના દોષમાંથી બચાવી શકે છે આમ અવીરીતે રાજા ઈન્દ્રસેન ઈન્દિરા એકાદશીનું વ્રત કરી અને પોતાના માતાપિતાને મોક્ષ ગતિ અપાવે છે

વ્રતની વિધીઃ ... મંગળવારે સવારે વહેલા ઉઠી અને નિત્ય કર્મ કરી પહેલા પિતૃઓને પગે લાગવું, ત્યારબાદ પૂજા પાઠ કરી બ્રાહ્મણ ભોજન કરાવવું અને દિવસ દરમ્યાન શાલીગ્રામની પૂજા કરી વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ બોલવા, પીપળે પાણી રેડવું, દિવો કરવો, પ્રદક્ષિણા ફરવી . આમ કરવાથી પિતૃને મોક્ષ ગતી મળે છે અને પિતૃઓ આશીર્વાદ આપે છે . આ દિવસે સાથે બ્રાહ્મણ ભોજન કરાવી શકાય છે અને તર્પણ પીંડદાન પણ કરાવી શકાય છે . રાત્રીના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરવું . પુરાણોમાં જણાવ્યા અનુસાર જે આપણને દેવતા આશીર્વાદ આપી શકતા નથી તે પિતૃઓ આપણને આપી શકે છે .

શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

### માર્યા પછી જ આપે છે બાળકને જન્મ

# ૬ એવા પ્રાણીઓ જેમની માદા તેના જીવનસાથીને મારીને ખાઈ જાય છે



નવી દિલ્હી, તા.૮

એક જંતુ છે, જે જાપાનમાં જોવા મળે છે, તેનું નામ મેન્ટિસ છે. માદા મેન્ટીસ પુરૂષ મેન્ટીસ કરતા ઘણી મોટી અને મજબૂત હોય છે. સ્ત્રીઓ પુરુષોને આકર્ષવા માટે ફેરોમોન્સ નામના રાસાયણિક સંકેતો મોકલે છે. જ્યારે કોઈ પુરુષ સ્ત્રી સાથે સમાગમ કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે તેના પર હુમલો થવાનું જોખમ રહેલું છે. શિરચ્છેદ કર્યા પછી પણ પુરુષ જાતીય સંભોગ માટે સક્ષમ છે. કારણ કે તેના પેટની ચેતા શરીરને નિયંત્રિત કરે છે. માદાને બાળકને જન્મ આપવા માટે ઘણી શક્તિની જરૂર પડે છે, કારણ કે તે લગભગ ૧૦૦ ઈંડા મૂકી શકે છે. તેથી, તે પુરુષને ખાવાથી જરૂરી પોષણ અને ઊર્જા મેળવે છે. આ કરોળીયાને હિન્દીમાં બ્લેક વિધવા સ્પાઈડર કહેવાય છે.



તેઓ કેટલીકવાર પ્રજનન આદમખોર રીતે પણ કરે છે. મેન્ટીસીસની જેમ, પુરૂષ કાળી વિધવા સ્ત્રીઓ કરતાં ઘણી નાની હોય છે. સામાન્ય રીતે અડધા કરતા ઓછા કદ. સ્ત્રીઓ જાળા બનાવે છે, જે તેમના ફેરોમોન્સથી ઢંકાયેલી હોય છે. સ્ત્રી સાથે સમાગમ કરવા માટે, પુરુષે તેના શરીરનો એક ભાગ સ્ત્રીના તીક્ષ્ણ દાંતની વચ્ચે મૂકવો પડે છે. આ સમય દરમિયાન તે પુરુષ પાર્ટનરને પણ ખાઈ શકે છે. આને જાપ કરોળિયા કહે છે. આમાંથી, માદા જમ્પિંગ સ્પાઈડર તેના જીવનમાં ફક્ત એક જ વાર સમાગમ કરી શકે છે. તેથી, તેણી તેના જીવનસાથીની પસંદગી ખૂબ જ વિચારપૂર્વક કરે છે. તેના માટે પુરુષે તેને ડાન્સ મૂવ્સથી પ્રભાવિત કરવી પડશે. જ્યારે પુરૂષ આસપાસ કૂદકો મારશે અને દરેક જગ્યાએ તેના અંગો લહેરાશે. પુરૂષ તેના શરીરના ભાગોને એકસાથે હરાવીને ગીત પણ કંપોઝ કરશે. જો માદા આ તરફ આકર્ષાય છે તો પુરૂષને માદા પાસે જવાની પરવાનગી મળે છે. માદા લીલા એનાકોન્ડા નર કરતા મોટા અને મજબૂત હોય છે. તેમની પાસે લાંબી સગર્ભાવસ્થા સમયગાળો છે, જે દરમિયાન તેમની હિલચાલ ગંભીર રીતે મર્યાદિત છે. તેથી, સમાગમ પછી, તે એક અથવા વધુ નર ખાય છે, જેથી તે સફળતાપૂર્વક સંતાનને જન્મ આપવા માટે જરૂરી પોષક તત્વો મેળવી શકે. સ્કોર્પિયન્સ પણ એવા જીવો છે જે તેમના સાથીઓને ખાઈ શકે છે. માતાઓ તેમના બાળકોમાં ઘણો સમય અને શક્તિનું રોકાણ કરે છે. ઈંડાં મૂકવાને બદલે વીંછી જીવતા બાળકોને જન્મ આપે છે. તે હજુ પણ વધુ ઊર્જા લે છે. આ કારણે, સમાગમ પછી માદાની નજીક રહેનાર નર ક્યારેક મારીને ખાઈ જાય છે, જેનાથી માદાને ભરણપોષણ મળે છે. જોકે, કેટલીકવાર વીંછી માતાઓ તેમના બાળકોને જીવવા માટે ખાઈ પણ શકે છે. ઓક્ટોપસ તેમની બુદ્ધિમત્તા માટે જાણીતા છે, પરંતુ શું તમે જાણો છો કે, કેટલીક પ્રજાતિઓ નરભક્ષી પણ હોય છે. પુરૂષ પાસે ખાસ સંશોધિત હાથ હોય છે, જેને હેક્ટોકોટાઈલ કહેવાય છે, જેનો ઉપયોગ માદામાં શુક્રાણુના પેકેટ નાખવા માટે થાય છે. જ્યારે નર કરવામાં આવે છે, ત્યારે માદા ઓક્ટોપસ ઘણીવાર નરને ખાય છે. નર ઓક્ટોપસની ઘણી પ્રજાતિઓ સમાગમ પછી તરત જ મૃત્યુ પામે છે, તો શા માટે નહીં? માદા ઓક્ટોપસ તેમના ઈંડાનું રક્ષણ કરે છે. ઘણીવાર તેઓ બાળકને જન્મ આપ્યા પછી મૃત્યુ પામે છે. ઓક્ટોપસ નરભક્ષકતા ફક્ત સમાગમ સુધી મર્યાદિત નથી, કારણ કે, બાળકો માટે એકબીજાને ખાવું તે અસામાન્ય નથી.

## શ્રાદ્ધમાં દર્ભ એટલે દાભડા કે કુશ નું મહત્વ

દેવકાર્ય કે પિતૃ કાર્યમાં દર્ભ, દાભડો કે કુશ તરીકે ઓળખાતી આ વનસ્પતિ ખાસ ઉપયોગમાં લેવામાં આવે છે. જો દર્ભ ન હોય તો પિતૃકાર્ય પૂર્ણ થઈ શકતું નથી.

મહાભારત, મત્સ્યપુરાણ, અથર્વવેદ સહિતના ગ્રંથોમાં દર્ભનું મહત્વ સમજાવતા વર્ણનો જોવા મળે છે. વેદો અને પુરાણોમાં તેને ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. વૈજ્ઞાનિકોએ આ દર્ભ ઉપર સંશોધન કરતા તે શરીરની ઉર્જાને જમીનમાં જતી રોકવા શક્તિમાન છે તેવું તારણ કાઢેલું છે. મત્સ્ય પુરાણ માં એવો ઉલ્લેખ જોવા મળે છે કે, ભગવાન વિષ્ણુના વરાહ અવતાર ના શરીરથી આ દર્ભ ઉત્પન્ન થયો છે.

સનાતન ધર્મમાં કુશ કે જેને દર્ભ કે દાભડા તરીકે પણ ઓળખવામાં આવે છે તેનો અનેક રીતે ઉપયોગ પૂજા પાઠમાં કરવામાં આવે છે. દર્ભના આસન અને પથારી વિવિધ સાધનાઓમાં ઉપયોગમાં લેવામાં આવે છે. ગ્રહણ પહેલા ગૃહસ્થ લોકો પીવાના પાણી મા, ખાવા પીવાની વસ્તુઓ માં, ઘરના મુખ્ય દ્વાર સહિતની જગ્યાઓ પર આ દર્ભ ની સળી મૂકે છે. તેની પાછળનું કારણ ગ્રહણ કાળ દરમિયાન નકારાત્મક ઉર્જા ની અસર તેના પર ન પડે તે માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ અંગે તામિલનાડુની શસ્ત્ર અકાદમી ના સંશોધન દ્વારા એવું જાણવા મળ્યું કે દર્ભ એક નેચરલ પ્રિજર્વેટીવ ના રૂપમાં કામ કરે છે. તે એક પ્યુરીફીકેશન એજન્ટ છે.

અથર્વવેદમાં દર્ભની બાબતમાં એમ કહેવાયું છે કે તેનો ઉપયોગ કરવાથી ગુસ્સા પર કાબુ રહે છે. તેને અશુભ નિવારક ઔષધી તરીકે પણ ઓળખવામાં આવે છે. આચાર્ય ચાણક્યના ગ્રંથોથી જાણવા મળે છે કે દર્ભનું તેલ કાઢી તેનો ઉપયોગ દવાઓમાં કરવામાં આવે છે.

મત્સ્ય પુરાણ માં એવો ઉલ્લેખ મળે છે કે, દર્ભ ભગવાન શ્રી વિષ્ણુ ના અવતાર વરાહ ભગવાનના શરીરમાંથી બનેલી હોવાથી તેને પવિત્ર માનવામાં આવે છે. આ અંગે એવી એક કથા છે કે, ભગવાન વિષ્ણુએ વરાહ અવતાર લઈ હિરણ્યક્ષ નો વધ કરી પૃથ્વીને સ્થાપિત કરી. ત્યારબાદ તેમણે પોતાના શરીર પર લાગેલ પાણીને ખંખેર્યુ તો તેની સાથે તેના શરીરના વાળ પૃથ્વી પર પડ્યા. જેમાંથી દર્ભની ઉત્પતિ થઈ. તેથી તેને પવિત્ર માનવામાં આવે છે.

મહાભારતમાં આવતા એક પ્રસંગ અનુસાર જ્યારે ગરુડ દેવ સ્વર્ગથી અમૃત કળશ લઈને આવ્યા તો તે કળશ થોડીવાર માટે દર્ભ ઉપર રાખ્યો. આમ, અમૃત કળશના સાનિધ્યથી દર્ભની પવિત્રતા માં વધારો થયો.

મહાભારતના આદિ પર્વ અનુસાર રાહુની મહા દશામાં કે રાહુની કુંડળીમાં સ્થિતિ સારી ન હોય ત્યારે દર્ભ વાળા પાણીથી સ્નાન કરવું જોઈએ. જેથી રાહુનો અશુભ પ્રભાવ દૂર થાય છે. મહાભારતમાં જ એવો પણ ઉલ્લેખ જોવા મળે છે કે, દાનેશ્વરી કર્ણ એ પોતાના પિતૃઓના શ્રાદ્ધમાં દર્ભ નો ઉપયોગ કર્યો હતો. દર્ભ નો ઉપયોગ પિતૃ કાર્યમાં કરવામાંથી પિતૃઓ પ્રસન્ન થાય છે.

ઋગ્વેદમાં ઉલ્લેખ જોવા મળે છે કે અનુષ્ઠાન કે પૂજા પાઠ દરમિયાન દર્ભના આસનનો ઉપયોગ કરવાથી સાધનામાં સત્વરે સફળતા પ્રાપ્ત થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણએ ધ્યાનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે દર્ભના આસન ને શ્રેષ્ઠ માન્યું છે.

દર્ભના આસન નો ઉપયોગ કરવાથી શરીરની ઉર્જા ને જમીનમાં જતી રોકી શકાય છે. આપણે જે પૂજા પાઠ કે ધ્યાન આદિ કરીએ છીએ તે સમયે આપણા શરીરમાં એક ઉર્જા પેદા થાય છે. તે ઊર્જા જમીનમાં ન ચાલી જાય તે માટે આ સમયે ગર્ભનો આસન નો ઉપયોગ કરવામાં આવે છે.

પિતૃ પક્ષ એટલે કે શ્રાધ પક્ષમાં શ્રાદ્ધ કર્મ કરતી વખતે દર્ભ નો ઉપયોગ અત્યંત જરૂરી બની જાય છે. પિતૃ ની વિધિ વખતે દર્ભ ની વીંટી બનાવી જમણા હાથની અનામિકા આંગળીમાં ધારણ કરવી પડે છે. આ વીંટી ને પવિત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે. સનાતન ગ્રંથોમાં બતાવેલું છે કે તે વીંટી ધારણ કરવાથી વિધિ કરનાર વ્યક્તિ ની માનસિક અને શારીરિક ઉર્જા સકારાત્મક બની જાય છે. આ વિધિ કરવા માટેની જગ્યા ને પવિત્ર કરવા દર્ભ વડે જળ છાતી જમીનને પવિત્ર કરવામાં આવે છે.

ધાર્મિક કાર્યોમાં તેની વીંટી બનાવી જમણા હાથની અનામિકા આંગળીમાં ધારણ કરવા માટે એક કારણ એવું આપવામાં આવ્યું છે કે આધ્યાત્મિક શક્તિ પુંજ જળવાઈ રહે. અનામિકા આંગળીના બરોબર નીચે સૂર્યનો પર્વત હોવાથી આ આંગળી સૂર્યની આંગળી તરીકે ઓળખાય છે. સૂર્યથી આપણને જીવનશક્તિ, તેજ અને યશ પ્રાપ્ત થાય છે.

તેનું એક બીજું કારણ એ છે કે, આપણી ઉર્જા જમીનમાં ચાલી ન જાય કારણકે કર્મકાંડ કે પૂજા પાઠ દરમિયાન આપણો હાથ ભૂલથી જમીન ઉપર અડી જાય તો આંગળીમાં પહેરેલ દર્ભ ની વીંટી તે ઉર્જાને રોકી રાખે. માટે જ દર્ભની વીંટી હાથમાં પહેરવામાં આવે છે.

દર્ભનું વૈજ્ઞાનિક મહત્વ પણ છે. તે એક કુદરતી સંરક્ષક છે.

સૂકા દર્ભ નો ઉપયોગ પૂજા અને અનુષ્ઠાનમાં થાય છે. આ એટલા માટે કરવામાં આવે છે કારણ કે ,આ પવિત્ર દર્ભમાં શુદ્ધિકરણ એજન્ટો છે. તેનો ઉપયોગ દવાઓમાં પણ થાય છે. દર્ભમાં સ્થૂળતા વિરોધી, એન્ટીઑકિસડન્ટ અને પીડાનાશક સામગ્રી હોય છે. તેમાં બ્લડ સુગરને જાળવી રાખવાની શક્તિ પણ છે. તેથી તેનો ઉપયોગ દવા તરીકે પણ થાય છે. તમિલનાડુની શસ્ત્ર એકેડેમી દ્વારા કરવામાં આવેલા સંશોધનમાં જાણવા મળ્યું છે કે દર્ભ કુદરતી પ્રિઝર્વેટિવ છે. તેથી તેને ગ્રહણ દરમિયાન ખાવાની વસ્તુઓમાં રાખવામાં આવે છે. જેના કારણે ખોરાકમાં બેક્ટેરિયા વધતા નથી. આમ, દર્ભ નો પૂજા પાઠ કે પિતૃકાર્યમાં ઉપયોગ કરવા પાછળનું રહસ્ય છુપાયેલું છે.

શ્રાધ્ધ સરિતા
-દેવેન કનકચન્દ્ર વ્યાસ

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે બીજાની વધુમાં વધુ સેવા બજાવે છે
તે જ વધારેમાં વધારે સુખી છે.

- બુકર ટી. વોશિંગ્ટન

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા વદ-૧૦ એકાદશીનું શ્રાધ્ધ તા.૯ ઓક્ટોબર ૨૦૨૩, સોમવાર, પારસી તા.૨૫, મુસ્લિમ તા.૨૩, આશ્લેષા નક્ષત્ર, સિધ્ધ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૪૭, સૂ.અ.૬:૩૧
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), પરોઢે ૫:૪૫ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા.૦૯-૧૦-૨૦૨૩ થી ૧૫-૧૦-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**
આ સપ્તાહ દરમિયાન મળેલી તકને ઝડપી લેજો. માનસિક ચિંતા હળવી બને. અંગત સમસ્યા હલ કરી શકશો. નાણાંકીય રીતે થોડી મુશ્કેલી સર્જાય. ખોટા રોકાણો ન કરવા હિતાવહ. જમીન-મકાનની ખરીદી થઈ શકે. કાર્યસફળતા માટે કૌટુંબિકકલહ અને વિસંવાદીતતાના પ્રસંગો ટાળજો. કુનેહથી કામ લેવું હિતાવહ. આરોગ્ય જાળવવું.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**
આ સપ્તાહ દરમિયાન આપને કારણવિનાની બેચેની અને અશાંતિમાંથી દિવસો પસાર કરવા પડે. ઉશ્કેરાટ અને આવેશાત્મક વલણ છોડજો. ધીરજ રાખી શાંતિથી કામ લેવું. ધંધાકીય ક્ષેત્રે પ્રતિકૂળતા જણાય. આવક કરતા ખર્ચ વધી ન જાય તેની તકેદારી રાખવી. નોકરીયાત વર્ગને પણ શાંતિથી રૂટીન કાર્ય કરવું. જોખમો ન લેવા હિતાવહ. દામ્પત્ય જીવનમાં મતભેદો રહ્યા કરે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**
આ સમય દરમિયાન માનસિક તંગદિલી અનુભવાય. નાના-મોટા અંતરાયો અને સંઘર્ષોનો સામનો કરવો પડે. ધીરજ રાખવી, સ્વસ્થતા ટકાવી રાખવી. ધંધા-વ્યવસાયના કાર્યમાં વધુ પરિશ્રમે સફળતા મળે. નાણાંકીય તંગદિલી અનુભવાય. ખર્ચ પર કાબુ રાખવો. સંતાનો અંગેની ચિંતા સતાવે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**
આ સપ્તાહ દરમિયાન આપની આશા અને ઉમંગ વધે. સારી તકો મળે. તક ઝડપી લેવાથી ફાયદો થાય. નોકરીયાતને તેમના પ્રયત્નોનું ફળ મળે. ઉપરી અધિકારી વર્ગથી લાભ થાય. ધંધા-વ્યવસાય અંગેના વિકાસ માટે શુભ સમય. દામ્પત્યજીવનનું વાતાવરણ આનંદમય રહે. સ્નેહિ-સ્વજનોથી લાભ થાય. મહત્વની મુલાકાત ફળદાયી બને.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**
આ સપ્તાહ તમને મિશ્રફળદાયી રહે.મૂડિ રોકાણ કરવામાં સાવધાન રહેજો. ખોટા સાહસ ન કરવા હિતાવહ. ખર્ચા વધે, ધંધા-રોજગાર તેમજ નોકરીમાં આ સમય મિશ્રફળ આપનારું રહે. કોર્ટ-કચેરીને લગતી બાબતોના પ્રશ્નો ઉકેલાય. મકાન-વાહન અંગે સમય હજુ પ્રતિકૂળ છે. વધુ પ્રયત્નો કરવાથી કામ પાર પડે. દામ્પત્ય જીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**
આ સમય દરમિયાન આપને મનની મુંઝવણ દૂર થાય માટે તમારે પ્રયત્નો વધારવા જરૂરી. નાની-મોટી અડચણો પાર કરી શકશો. આર્થિક મુશ્કેલીઓનો ઉકેલ મળે. લાભની તક ઝડપી લેવી. આવક વધે, જમીન-મકાન-વાહન વગેરેની ખરીદી માટે સાનુકૂળ સમય છે. ધંધા-વ્યવસાયમાં આગળ વધી શકાય. સ્નેહિ-સ્વજનથી મિલન-મુલાકાત થાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**
આ સપ્તાહ દરમિયાન તમારા અંગત પ્રશ્નોનો ઉકેલ મળે. કૌટુંબિક સમસ્યાઓ હલ થાય. ભાઈ-ભાડું અને સગા-સંબંધિઓની મદદ મળે. ધંધા-વ્યવસાય માટે આ સમય સાનુકૂળ રહે તેમજ નોકરીયાત વર્ગ માટે બઢતીના યોગ છે. આકસ્મિક પ્રવાસ-યાત્રા થાય. ગૃહજીવનમાં તકેદારી રાખવી હિતાવહ. પ્રિયજનની તબિયત બગડતા ચિંતા રહે. વડીલોનો સાથ-સહકાર મળે.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**
આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદિલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર-ધંધાના ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું, કુટુંબ માટે ભોગ આપવો પડે. તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે. સંતાનથી લાભ થાય. ધીમે-ધીમે પરિસ્થિતિ સુધરે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**
આ સમય દરમિયાન અવિચારી કે ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ. નાણાંકીય મુશ્કેલીઓનો ઉકેલમળે. વ્યવસાયમાં સાનુકૂળતા રહે. અંતરાયો દૂર થાય. મિત્રો, સ્નેહિજનો સાથેનો વિવાદ ટાળવો. દામ્પત્ય જીવનમાં ગેર સમજો ન વધે તેની તકેદારી રાખવી. શારરીક તંદુરસ્તી જાળવવી તેમજ વડીલોની તબિયત સંભાળવી જરૂરી બને.

**મકર : ખ.જ. સ્વામિ - શની**
આ સપ્તાહ દરમિયાન તમારા વણ ઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મળે. નવિન તકો પ્રાપ્ત થાય. વેપાર-ધંધા ક્ષેત્રે વિકાસ થાય. નાણાંકીય સારોએવો લાભ મળે સાથે-સાથે ખર્ચનો પ્રશ્ન બનો. નોકરીયાત વર્ગ માટે સારો સમય છે. ગૃહજીવન આનંદદાયી રહે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**
આ સમય દરમિયાન અગત્યના કામકાજો કરવામાં વિલંબ થાય. માનસિક ચિંતા રહે સાથે-સાથે તેનો ઉકેલ પણ મળે. સ્નેહિથી મિલન-મુલાકાત થાય. આપની જરૂરીયાત મુજબ પૂરતા નાણા માટે સાનુકૂળ સમય કોર્ટ-કચેરીના કાર્યોનું પરીણામ તમારી ફેવરમાં આવે, પ્રવાસ-પર્યટન થાય.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**
આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અથવા તો કારણ વિનાની અશાંતિનો અનુભવ થાય તેથી મનનો શાંત રાખવા પ્રયત્નો કરવા. ખોટા વિચારો ન કરવા હિતાવહ. નાણાંકીય સ્થિતિ મધ્યમ રહે. ધંધા-વ્યાપાર ક્ષેત્રે આગળ વધવાની તક મળે. આકસ્મિક લાભ થાય. નોકરીયાત વર્ગની સ્થિતિ યથાવત રહે. જીવનસાથીનો સહકાર મળે.

# ગ્રાન્ટેડ સ્કૂલોની કમ્પ્યુટર ફી રૂ.૫૦થી વધારી રૂ. ૧૨૫ કરાઈ

● શિક્ષણ બોર્ડની કારોબારી સમિતિની બેઠકમાં ફીમાં વધારાનો નિર્ણય
● ૨૦૦૪માં નક્કી કરવામાં આવેલી ફીમાં છેક ૨૦૨૩માં વધારો કરવામાં આવ્યો

અમદાવાદ, તા.૯

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી કમ્પ્યુટર વિષયની માસિક ફી રૂ.૫૦થી વધારીને રૂ.૧૨૫ કરવામાં આવી છે. ૨૦૦૪માં શિક્ષણ વિભાગ દ્વારા ફી નક્કી કરવામાં આવ્યા બાદ હવે છેક ૨૦૨૩માં ફી વધારો કરવામાં આવ્યો છે. ફી વધારા માટે સંચાલક મંડળની રજૂઆત બાદ શિક્ષણ બોર્ડ દ્વારા નિર્ણય કરાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓ કમ્પ્યુટર વિષય રાખવા માંગતા હોય તો તે વિદ્યાર્થીઓ પાસેથી સ્કૂલો માસિક રૂ.૫૦ ફી ઉઘરાવી શકે તે માટે ૨૦ મે, ૨૦૦૪ના રોજ પરિપત્ર કરવામાં આવ્યો હતો. આ ફી નક્કી કરવામાં આવ્યા બાદ શિક્ષણ બોર્ડ દ્વારા કમ્પ્યુટર વિષયની માસિક ફીમાં કોઈ પણ પ્રકારનો વધારો કરવામાં આવ્યો ન હતો. જેથી ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા આ મુદ્દે શિક્ષણ બોર્ડ સમક્ષ અનેક રજૂઆતો કરી હતી અને કમ્પ્યુટર વિષયની ફીમાં વધારો કરવામાં આવે તેવી માંગણી કરી હતી. સંચાલક મંડળ દ્વારા કમ્પ્યુટર વિષયની માસિક રૂ.૫૦ ફીની સામે વધારો કરી માસિક રૂ.૧૫૦ ફી રાખવા માટે ભલામણ કરી હતી. દર સંચાલક મંડળની રજૂઆતના પગલે શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં મળેલી કારોબારી સમિતિની બેઠકમાં આ મુદ્દે એજન્ડામાં રાખ્યો હતો. ત્યારબાદ તે અંગે ચર્ચા કરવામાં આવી હતી અને કારોબારી સમિતિ દ્વારા કમ્પ્યુટર અધ્યયન વિષય રાખવા ઈચ્છતી નોંધાયેલી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ વિદ્યાર્થીઓ પાસેથી પ્રતિમાસ ફીના રૂ. ૫૦ના બદલે રૂ.૧૨૫ પ્રતિમાસ ફી લેવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે. શિક્ષણ બોર્ડ દ્વારા કમ્પ્યુટર વિષયની ફીમાં જે વધારો કરવામાં આવ્યો છે તેનો અમલ ઓક્ટોબર-૨૦૨૩થી કરવાનું પણ નક્કી કરાયું છે. જેથી રાજ્યની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ ઓક્ટોબર-૨૦૨૩થી કમ્પ્યુટર વિષય માટે પ્રતિમાસ રૂ.૧૨૫ ફી લેવાની રહેશે. ફી અંગેની પહોંચ પણ વાલીઓને આપવાની રહેશે તેમ બોર્ડ દ્વારા જણાવાયું છે. આમ, શિક્ષણ બોર્ડ દ્વારા કમ્પ્યુટર વિષયની ફીમાં ૧૯ વર્ષે રૂ.૭૫નો વધારો કરવાનો નિર્ણય લીધો છે. આ ફી વધારાના પગલે રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોને રાહત થશે.

# રાજકોટમાં છેલ્લા એક મહિનામાં હાર્ટ એટેકના ૪૫૦ કેસ નોંધાયા




અમદાવાદ, તા.૯

રાજકોટમાં દિવસેને દિવસે યુવાનોમાં હાર્ટ એટેકનાં કેસમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. રાજકોટમાં છેલ્લા એક મહિનામાં હાર્ટ એટેકનાં ૪૫૦ કેસ નોંધાયા છે. તેમજ એક મહિનામાં ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સને ૪૫૦થી વધુ કેસ નોંધાયા છે. જેને લઈ વહીવટી તંત્ર દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે તેમજ નવરાત્રી સમયે અર્વાચીન રાસોત્સવ થતા હશે ત્યાં હોટ સ્પોટ નક્કી કરાશે. તેમજ હવે ઈમરજન્સી ૧૦૮માં પણ AED મશીન રાખવામાં આવશે. આ બાબતે રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોષી દ્વારા આજે રાજકોટ કલેક્ટર ઓફિસ ખાતે ગરબા આયોજકો, આઈએમએનાં ડોકટર, રેડક્રોસનાં ડૉકટર, મેડિકલ કોલેજનાં ડોકટર, સાંસદ સભ્યની હાજરીમાં મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રીનું જે જગ્યાએ આયોજન કરવામાં આવ્યું છે. ત્યાં નીચે મુજબની સુવિધાઓ હોવી જરૂરી છે.

● સીપીઆરની તાલીમ આપેલો સ્ટાફ હોય. ● દરેક ગરબા સ્થળ ઉપર એક મેડિકલ કાઉન્સીલર હોય. ● એમ્બ્યુલન્સને આવવા જવાની વ્યવસ્થા હોય. ● તેમજ સીપીઆરની જાગૃતતા માટે વીડિયોનું નિદર્શન આ તમામ મુદ્દાઓ બાબતે ગરબા આયોજકોને સૂચના આપવામાં આવી છે. તેમજ આ મીટીંગમાં ૧૦૮ની ટીમનાં પ્રતિનિધિ હાજર હતા. તેમને પણ સૂચના આપવામાં આવી છે કે જ્યાં પાંચથી દસ હજાર જેટલું મોટું ગરબાનું આયોજન થયું હોય ત્યાં હોટસ્પોટ તરફ ધ્યાન રાખવું જોઈએ. તેમજ વહેલામાં વહેલી તકે ત્યાં એમ્બ્યુલન્સ પહોંચી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. IMA તરફથી પણ એમનાં પ્રતિનિધિ હાજર હતા. તેમણે પણ તાલીમમાં પૂરો સહકાર આપવાનું કીધું છે. તેમજ સ્વૈચ્છીક રીતે પણ ડોકટરો અમારી સાથે જોડાવાનાં છે અને ગરબા સ્થળે તેમની ટીમ સાથે મેડિકલની સેવા આપશે. હાર્ટ એટેકનાં સતત વધતા જતા કેસ બાબતે કલેક્ટરે કહ્યું હતું કે, રાજકોટમાં દર મહિને ૪૫૦ જેટલા હાર્ટ એટેકનાં કેસ નોંધાય છે. ત્યારે નવરાત્રીમાં ઓવર ટ્રેસનાં લીધે વધુમાં કોઈ કેસ ન થાય એના માટે આ બધી કાળજી રાખવામાં આવી રહી છે. ૧૦૮માં પણ જરૂરી સુવિધાઓ સાથે AED મશીન (જે ઝટકા મારીને હૃદયને ધબકતું કરતું મશીન) સાથે જરૂરી મેડિસીન સાથે રાખવામાં આવશે. રાજકોટ જિલ્લામાં કુલ ૪૨ ઈમરજન્સી ૧૦૮ છે. જેમાંથી ૨૨ ઈમરજન્સી ૧૦૮ રાજકોટ શહેરમાં છે.

# ધાર્મિક વિધિઓ ‘સપ્તપદી’ સમારોહ વિના હિન્દુ લગ્ન અમાન્ય છે : અલ્હાબાદ હાઈકોર્ટ



અલ્હાબાદ તા.૯

અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું છે કે, ‘સપ્તપદી’ સમારોહ અને અન્ય ધાર્મિક વિધિઓ વિના હિન્દુ લગ્ન માન્ય નથી. અલ્હાબાદ હાઈકોર્ટે એક કેસની કાર્યવાહીને રદ કરી દીધી છે જેમાં એક વ્યક્તિએ આરોપ મૂક્યો હતો કે, તેની પત્નીએ છૂટાછેડા લીધા વિના બીજા લગ્ન કર્યા હતા. સ્મૃતિ સિંઘ દ્વારા દાખલ કરાયેલી અરજીને મંજૂરી આપતા જસ્ટિસ સંજયકુમાર સિંહે અવલોકન કર્યું હતું કે, ‘સોલેમનાઈઝ’ શબ્દનો અર્થ, લગ્નના સંબંધમાં લગ્નને યોગ્ય વિધિઓ અને યોગ્ય સ્વરૂપમાં કરવાનો સમાવેશ થાય છે. જ્યાં સુધી લગ્ન યોગ્ય વિધિઓ અને યોગ્ય સ્વરૂપ સાથે કરવામાં ન આવે ત્યાં સુધી તેને સંકલ્પબદ્ધ કહી શકાય નહીં. જો આ લગ્ન માન્ય લગ્ન નથી, તો પક્ષકારોને લાગુ પડતા કાયદા અનુસાર, કાયદાની દૃષ્ટિએ તે લગ્ન નથી. હિંદુ કાયદા હેઠળ ‘સપ્તપદી’ સમારોહ એ માન્ય લગ્નના જરૂરી ઘટકોમાંનું એક છે પરંતુ હાલના કેસમાં તેના પુરાવાનો અભાવ છે. કોર્ટે હિંદુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫ની કલમ ૭ પર આધાર રાખ્યો હતો, જે જોગવાઈ કરે છે કે, હિંદુ લગ્ન તેના બંને પક્ષના પરંપરાગત સંસ્કારો અને સમારંભો અનુસાર સંપન્ન થઈ શકે છે. બીજું આવા સંસ્કારો અને વિધિઓમાં ‘સપ્તપદી’ (પવિત્ર અગ્નિની આસપાસ વર અને કન્યા દ્વારા સંયુક્ત રીતે સાત પગલાં લેવા)નો સમાવેશ થાય છે, સાતમું પગલું ભરવામાં આવે ત્યારે લગ્નને પૂર્ણ અને બંધનકર્તા થાય છે. ૨૧ એપ્રિલ, ૨૦૨૨ના સમન્સ ઓર્ડર અને પત્ની, અરજદાર વિરૂધ્ધ મિર્ઝાપુર કોર્ટમાં પેન્ડિંગ ફરિયાદ કેસનધ્ આગળની કાર્યવાહીને રદ કરતી વખતે કોર્ટે કહ્યું કે, ફરિયાદમાં ‘સપ્તપદી’ વિશે કોઈ દલીલ નથી. કોર્ટ સમક્ષના નિવેદનો પછી આ અદાલતનું માનવું છે કે, અરજદાર સામે પ્રથમ દૃષ્ટિએ કોઈ ગુનો કરવામાં આવ્યો નથી કારણ કે, બીજા લગ્નનો આરોપ એ કોઈ સાનુકૂળ સામગ્રી વિનાનો આરોપ છે. અરજદાર સ્મૃતિ સિંહના લગ્ન ૨૦૧૭માં સત્યમ સિંહ સાથે થયા હતા પરંતુ ખરાબ સંબંધોને કારણે તેણે સાસરિયાનું ઘર છોડી દીધું હતું અને દહેજ માટે ઉત્પીડનનો આરોપ લગાવતી FIR નોંધાવી હતી. તપાસ બાદ પોલીસે પતિ અને સાસરિયાં વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ કરી હતી. બાદમાં સત્યમે ઉચ્ચ પોલીસ અધિકારીઓને અરજી આપી હતી જેમાં તેની પત્ની ઉપર લડાઈ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ઉક્ત અરજીની સર્કલ ઓફિસર સદર, મિર્ઝાપુર દ્વારા સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી અને સ્મૃતિ સામેના લગ્નજીવનના આરોપો ખોટા હોવાનું જણાયું હતું. ત્યારપછી સત્યમે ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ તેની પત્ની વિરૂધ્ધ અન્ય બાબતોમાં આરોપો લગાવીને ફરિયાદ નોંધાવી હતી કે તેણે તેના બીજા લગ્ન કર્યા છે. મિર્ઝાપુરના સંબંધિત મેજિસ્ટ્રેટે ૨૧ એપ્રિલ, ૨૦૨૨ના રોજ સ્મૃતિને સમન્સ પાઠવ્યું હતું. આથી તેણીએ સમન્સના આદેશ અને ફરિયાદ કેસની સમગ્ર કાર્યવાહીને પડકારતી હાલની અરજી હાઈકોર્ટ સમક્ષ કરી હતી. અરજદાર-પત્નીના વકીલે એવી દલીલ કરી હતી કે, ઉપરોક્ત ફરિયાદ અને સમન્સનો આદેશ સત્યમના પરિવારના સભ્યો સામે તેણી દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરના કારણે અરજદાર સામેનો એક કાઉન્ટર કેસ છે.

# રાજ્યમાં રેગિંગની ઘટનાઓ બંધ થાય તે માટે શિક્ષણ વિભાગે કોલેજો માટે બહાર પાડી માર્ગદર્શિકા; હાઈકોર્ટને કરાઈ જાણ



અમદાવાદ,તા.૯

ગુજરાત રાજયની મેડિકલ કોલેજો સહિતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં રેગીંગના દૂષણ મામલે ગુજરાત હાઈકોર્ટે દાખલ કરેલી સુઓમોટો જાહેરહિતની રિટમાં સરકારના બે વિભાગો દ્વારા સોગંધનામું કરીને કોર્ટ મિત્ર દ્વારા કરવામાં આવેલી ભલામણોનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. આ બાબતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર અને ટેકનિકલ શિક્ષણ વિભાગ દ્વારા જરૂરી પરિપત્રો બહાર પાડવામાં આવ્યા હતા.

રાજય સરકારની ઉચ્ચ શિક્ષણ કમિશ્નર અને ટેકનિકલ શિક્ષણ કચેરીના ડેપ્યુટી ડાયરેકટરો દ્વારા સોગંદનામું રજૂ કરી જણાવાયું હતું કે, કોર્ટ સહાયક દ્વારા જે સૂચનો કરાયા હતા, તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને હાલની ગાઈડલાઈન્સ ઉપરાંત તા.૨૫મી સપ્ટેમ્બરે એક વધારાનો પરિપત્ર જારી કરાયો છે. જેમાં જે નવા વિદ્યાર્થીઓ દાખલ થાય તેમના અને તેમના સિનિયરો સાથેના સારા અને સંતુલિત સંબંધો જળવાઈ રહે તે માટે વર્કશોપનું સમયાતરે આયોજન કરવામાં આવશે. જેમાં વિવિધ સમાજસેવી, ધાર્મિક ગુરૂઓ,૨ મનોચિકિત્સકો, રમતવીરો સહિતના નિષ્ણા તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સિનિયરો અને જુનીયરો વચ્ચે રમતગમતનું આયોજન કરી સૌહાર્દપૂર્ણ વાતાવરણ સ્થાપવાનો પ્રયાસ કરાશે. જાતિ આધારિત પજવણી રોકવા માટે પણ વિશેષ સમજ અને જાગૃતિ ફેલાવવામાં આવશે. એન્ટી રેગીંગ કમીટીમાં એસસી-એસટી દ્વારા ફરિયાદ કરાઈ હોય તો કમીટીમાં એસસી-એસટી સમુદાયના પ્રતિનિધિઓને સમાવવામાં આવશે. હાઈકોર્ટે લીધેલી સૂઓમોટો અરજીમાં એમીકસ કયુરી તરીકે નીમાયેલા એડવોકેટ દ્વારા રાજયની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં રેગીંગના દૂષણને નાથવા રાજય સરકાર સહિતના સત્તાવાળાઓને તાકીદના ધોરણે ચોક્કસ માર્ગદર્શિકા અને સર્વગ્રાહી નીતિ ઘડવા બહુ મહત્ત્વની ભલામણ સાથેના સૂચનોનો રિપોર્ટ હાઈકોર્ટ સમક્ષ રજૂ કરાયો હતો, જેનો આખરે રાજય સરકાર દ્વારા સ્વીકાર કરાયો હતો. એશિયાની સૌથી મોટી એવી સિવિલ હોસ્પિટલની બી.જે.મેડિકલ કોલેજ, વડોદરાની સુમનદીપ વિદ્યાપીઠ સહિતની સંસ્થાઓમાં રેગીંગની ઘટનાઓની ગંભીર નોંધ લઈ ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો જાહેરહિતની રિટ અરજી દાખલ કરી હતી. આ કેસમાં હાઈકોર્ટે કોર્ટ સહાયક નીમાયેલા એડવોકેટ અમિત પંચાલ દ્વારા તેમની ભલામણોમાં જણાવ્યું હતું કે, હાલ રાજયમાં આ સમગ્ર મામલે કોઈ ચોક્કસ નીતિ કે માર્ગદર્શિકા નથી, તેથી તેની અમલવારી કરાવવામાં આવે. રાજયની તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં જુનીયર વિદ્યાર્થીઓ અને સિનિયર વિદ્યાર્થીઓ વચ્ચે સૌહાર્દપૂર્ણ અને મિત્રપૂર્ણ વ્યવહારનું વાતાવરણ જળવાઈ રહે તે પગલાં લેવા જોઈએ.

# રાજ્યમાં તલાટી અને જુનિયર ક્લાર્કની જગ્યાઓ ઉપર ફાળવણીની પ્રક્રિયા શરૂ !

ગાંધીનગર, તા.૯

રાજ્યમાં અગાઉ લેવાયેલી તલાટી અને જુનિયર કલાર્કની પરીક્ષામાં પાસ થયેલા લાયકાત ધરાવતા ઉમેદવારો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. આથી તલાટી અને જુનિયર કલાર્કની જગ્યાઓ ઉપર ફાળવણીની કામગીરી હાથ ધરવામાં આવી છે. પંચાયત સેવા બોર્ડ દ્વારા જિલ્લા ફાળવણી શરૂ કરવામાં આવી છે. જેમાં ૧૨ તારીખ સુધી તલાટીની અને ૧૭ તારીખ સુધી જુનિયર કલાર્કના ઉમેદવારોને જિલ્લા ફાળવણી કરવામાં આવશે તેવી જાહેરાત કરાઈ છે. આ બાબતે પંચાયત સેવા પસંદગી મંડળ અધ્યક્ષ હસમુખ પટેલે વિગતો આપતા કહ્યું કે, હાલ જિલ્લા ફાળવણીનું કામ શરૂ કરવામાં આવ્યું છે. પંચાયત વિભાગ દ્વારા અમને લેટેસ્ટ માહિતી મળી એટલે અમે આ કામ તરત જ ચાલુ કર્યું છે. ઉમેદવારોને વધારે વિલંબ ન કરવો પડે તેના માટે તુરંત પ્રક્રિયા હાથ ધરી છે. તેમણે ઉમેર્યું કે, આજે તલાટીની જિલ્લા ફાળવણી શરૂ થઈ છે. જે ૧૨ તારીખે પૂરી થશે, જેના પછી જુનિયર કલાર્કની ફાળવણી શરૂ થશે જે ૧૭ તારીખે પૂરી થશે. જે પછી કોમન ઉમેદવારોની માહિતી મળશે, તેમજ ખાલી જગ્યાઓ ભરવાનો પ્રયત્ન કરવામાં આવશે આપણે પ્રતિક્ષા યાદીનું કામ સમયાંતર કરતાં જ હોઈ છીએ. હસમુખ પટેલે વધુમાં કહ્યું કે, જિલ્લા ફાળવણી બાદ ઉમેદવારોને જિલ્લામાં રિપોર્ટ કરવાનો રહેશે. અનામત વર્ગના ઉમેદવારોની ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રિયા જિલ્લામાં જ કરવામાં આવશે. જે માટે ઉમેદવારોને એક ફોર્મ ભરી જે તે જિલ્લામાં રિપોર્ટ કરવાનો રહેશે. હવે પછી ઉમેદવારો જિલ્લા કક્ષાએ રિપોર્ટીંગ કરશે. તેમ વધુમાં તેમણે ઉમેર્યું હતું. ઉમેદવારોને મંડળ દ્વારા જિલ્લા ફાળવણી કાર્યક્રમમાં હાજર રહેવા ઈ-મેઈલ દ્વારા પણ જાણ કરવામાં આવી છે. આ ઉપરાંત વધુ વિગતો મંડળની વેબસાઈટ ઉપર પણ મૂકવામાં આવી છે. ઉમેદવારોએ દર્શાવેલ તારીખ અને સમયે અચુક હાજર રહી શકશે. તેમની સાથે અન્યને પ્રવેશ મળશે નહીં. જ્યારે દિવ્યાંગ ઉમેદવારોની સાથે તેમના વાલીને પણ પ્રવેશ આપવામાં આવશે. આ ઉપરાંત ઉમેદવારોએ પોતાના તમામ અસલ પ્રમાણપત્રો, ફોટો આઈડી-પ્રુફ અને કલર પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ સાથે લાવવાના રહેશે. તેમ વધુમાં મંડળ દ્વારા જણાવાયું છે.

# આગામી સપ્તાહમાં જ્ઞાન સહાયક શિક્ષકો જિલ્લા પસંદગી કરશે : નવરાત્રિમાં ઓર્ડર આપવામાં આવશે !

ગાંધીનગર, તા.૯

જ્ઞાન સહાયક યોજનાનાં વિરોધ વચ્ચે યોજનાની અમલવારી માટે સરકાર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે. ત્યારે જ્ઞાન સહાયક તરીકે શિક્ષકો આગામી સપ્તાહે જીલ્લા પસંદગી કરી શકશે. તેમજ નવરાત્રીમાં ઓર્ડર આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્ઞાન સહાયક યોજનામાં ૧૪ હજાર જગ્યાઓ સામે ૩૦ હજાર અરજીઓ મળી છે. જેમાં પ્રાથમિક શિક્ષક તરીકે ૮ હજાર જગ્યાઓ સામે ૨૪ હજાર અરજી મળી છે. જ્યારે માધ્યમિક શિક્ષકની ૬ હજારની જગ્યા સામે ૧૯ હજાર અરજી મળી છે. રાજ્યનાં શિક્ષણ વિભાગ દ્વારા ૧૧ માસનાં કરાર આધારિતા જ્ઞાન સહાયકોની નિમણૂંક કરવા માટેની જાહેરાત કર્યા બાદ ઠેર ઠેર આ યોજનાનો વિરોધ કરાયો હતો. ત્યારે ૨૬ ઓગસ્ટથી સૌ પ્રથમ માધ્યમિક વિભાગમાં જ્ઞાન સહાયકનાં ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થઈ હતી. જે બાદ ૪ સપ્ટેમ્બરે તેની મુદત પૂર્ણ થતી હતી. જેને લંબાવીને ૧૧ સપ્ટેમ્બર સુધી કરવામાં આવી હતી. જે બાદ માધ્યમિક વિભાગમાં ફોર્મ ભરવાની મુદત પૂર્ણ તયા બાદ જ્ઞાન સહાયક બનવા માટે ૧૯૦૫૦ ઉમેદરાવોએ ફોર્મ ભર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે માધ્યમિક વિભાગની ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિકમાં જ્ઞાન સહાયક બનવા માટેની ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. સરકાર દ્વારા ૧૭ સપ્ટેમ્બર સુધી ફોર્મ ભરવાની તારીખ નક્કી કરવામાં આવી હતી. જે બાદ સરકાર દ્વારા ફોર્મ ભરવાની મુદ્દતમાં વધારો કર્યો હતો. ત્યારે પ્રાથમિક શાળામાં જ્ઞાન સહાયક માટે ૯૮ ટકા ઉમેદવારોએ ફોર્મ ભર્યા હોવાનો શિક્ષણ વિભાગે દાવો કર્યો હતો. રાજયના શિક્ષણમંત્રી કુબેર ડિંડોર જયારે નર્મદા જિલ્લાની મુલાકાતે હતા ત્યારે નર્મદા જિલ્લા શિક્ષક સંઘે શિક્ષણમંત્રીને જૂની પેન્શન યોજના ફરીથી શરૂ કરવામાં આવે તે બાબતે રજૂઆત કરી હતી. શિક્ષણમંત્રીએ જ્ઞાન સહાયકોની ભરતી બાબતે જણાવ્યું હતું કે હાલમાં વૈકલ્પિક વ્યવસ્થા છે આવનારા સમયમાં રેગ્યુલર ભરતી કરવામાં આવશે. શિક્ષણમંત્રીએ કહ્યું હતું કે સરકારમાં જે પ્રમાણે પોલિસી બનશે તે પ્રમાણે ભરતી કરવામાં આવશે. હાલમાં જ્ઞાન સહાયકોમાં પ્રાથમિક શિક્ષકો માટે ૨૧ હજારનું પગાર ધોરણ નક્કી કરવામાં આવ્યું છે, જ્યારે માધ્યમિક શિક્ષકો માટે ૨૪ હજારનું પગાર ધોરણ નક્કી કરાયું છે. ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકો માટેનું પગાર ધોરણ ૨૬ હજાર છે.


# મુકેશ અંબાણીનો મોટો પ્લાન; ૪૯,૦૦૦ કરોડના માર્કેટ ઉપર પકડ મજબૂત કરવા નવી પ્રોડક્ટ લાવ્યા



(એજન્સી) તા.૯

ભારત અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની નજર હવે ભવિષ્યના ઈલેક્ટ્રિક વ્હિકલ સેક્ટર ઉપર છે. રિલાયન્સે તાજેતરમાં જ તેની નવી પ્રોડકટનું અનાવરણ કર્યું હતું. ગ્રેટર નોઈડામાં આયોજિત બેટરી શો કાર્યક્રમમાં તેમણે એક બદલી શકાય તેમજ ઈલેક્ટ્રિક વ્હિકલ માટે મલ્ટીપર્પઝ બેટરી સ્ટોરેજ ટેક્નોલોજી ધરાવતી પ્રોડક્ટ રજૂ કરી હતી. આ પ્રોડકટ અંબાણીની આગેવાની હેઠળના સમૂહના ૧૦ બિલિયન ડોલરના ક્લીન એનર્જી પ્રયાસનો એક ભાગ છે. રસપ્રદ વાત એ છે કે નવી RIL પ્રોડકટનો વ્યાપ માત્ર ઈલેક્ટ્રિક વ્હિકલ પૂરતો જ નહીં હોય પરંતુ તેને સ્વેપ કરી શકાશે કે પછી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાશે અને તેને એક કરતાં વધુ ઉદ્દેશ્યો માટે ઉપયોગમાં પણ લઈ શકાશે. અહેવાલ અનુસાર આ પ્રોડકટનો ઉપયોગ ઈન્વર્ટરની મદદથી ઘરના સાધનોને વીજળી પૂરી પાડવામાં પણ મદદરૂપ થશે. ભારતીય EV બેટરી બજાર ૨૦૨૩માં $5.9 બિલિયન (રૂ.૪૯૦૦૦ કરોડથી વધુ) હોવાનો અંદાજ છે, જે ૨૦૨૮ સુધીમાં $10.14 બિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે. રિન્યુએબલ એનર્જી એક્ઝિબિશનમાં પ્રદર્શિત કરાયેલ નવી પ્રોડકટ, એક નવતર વિચારને પ્રોત્સાહન આપે છે કે વ્યક્તિ પરિવહન માટે તેમજ ઘરનાં ઉપકરણોને પાવર કરવા માટે સમાન બેટરીનો ઉપયોગ કરી શકશે. આ બેટરીઓ રિલાયન્સના બેટરી સ્વેપ સ્ટેશનો ઉપર અદલાબદલી કરી શકાશે અથવા રૂફટોપ સોલાર પેનલ્સનો ઉપયોગ કરીને ઘરો દ્વારા ફરીથી ચાર્જ કરવામાં આવી શકશે.

# બેંગ્લુરૂમાં રૂા.૧૦ લાખની કિંમતનું બસ સ્ટેન્ડ જ ગાયબ



બેંગ્લુરૂ, તા.૯

બેંગ્લુરૂમાં સ્થાપિત થયાના એક અઠવાડિયા પછી ૧૦ લાખ રૂપિયાની કિંમતનું એક બસ શેલ્ટર તેની સ્ટીલ સ્ટ્રક્ચર સાથે ચોરાઈ ગયું હતું. બસ શેલ્ટર કનિંગહામ રોડ પર આવેલું હતું અને તેનું સંચાલન બેંગ્લુરૂ મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (BMTC) દ્વારા કરવામાં આવતું હતું. બેંગ્લુરૂમાં BMTC બસ શેલ્ટરના બાંધકામ માટે જવાબદાર કંપનીના સહયોગી વાઈસ પ્રેસિડેન્ટ એન. રવિ રેડ્ડીએ બસ શેલ્ટર ગાયબ થયાના એક મહિના પછી ૩૦ સપ્ટેમ્બરે ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે ચોરીનો કેસ નોંધ્યો હતો. અગાઉ માર્ચમાં એચઆરબીઆર લેઆઉટ ખાતે ત્રણ દાયકા જૂનું બસ સ્ટેન્ડ રાતોરાત ગાયબ થઈ ગયું હતું. કલ્યાણ નગર ખાતેના બસ સ્ટેન્ડને ૧૯૯૦માં લાયન્સ ક્લબ દ્વારા દાનમાં આપવામાં આવ્યું હતું, એમ વિસ્તારના રહેવાસીઓને ટાંકીને મીડિયા અહેવાલમાં જણાવાયું હતું. વ્યાપારી સ્થાપના માટે રસ્તો બનાવવા માટે તેને રાતોરાત દૂર કરવામાં આવી હતી. બેંગ્લુરૂ મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (BMTC)ના અધિકારીઓએ જણાવ્યું હતું કે, જો બસ શેલ્ટરદૂર કરવામાં આવ્યો હોય તો તે બ્રુહત બેંગ્લુરૂ મહાનગરાપાલિકે (BBMP) દ્વારા કરવામાં આવ્યો હતો. ૨૦૧૫માં હોરાઈઝન સ્કૂલ પાસેનો દૂપનહલ્લી બસ સ્ટોપ રાતોરાત ગાયબ થઈ ગયો. અગાઉ ૨૦૧૪માં રાજરાજેશ્વરીનગરના BEML લેઆઉટ ત્રીજા બતબક્કામાં ૨૦ વર્ષ જૂનો બસ સ્ટોપ ગુમ થયો હતો.

### ઘુમતો-ઘુમતો જાય, આજ મા નો ગરબો ઘુમતો જાય..

# સોમનાથ-વેરાવળના નવરાત્રી ખેલૈયાઓને થિરકાવવા સાજ-સાજીંદા વાજિંત્રો રીપેરીંગ સાથે સજ્જ

## અર્વાચીન વાદ્યોના યુગમાં પ્રાચીન વાદ્યો રીપેરીંગ અને વેંચાણનું કામ કરવું એટલે અસ્તિત્વો સંઘર્ષ







(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૯

'આવી આસોની અજવાળી નવરાત્રી કે ગરબે રમવા મા નીર્સયા રે..'

નવરાત્રીના આગમન પુર્વે વેરાવળ-સોમનાથના પ્રાચીન વાર્જિંત્ર રીપેરીંગકારો રોટલો નીકળશે જ એવી ઉમીદો સાથે ભરપુર મહેનત કરી રહયા છે. વેરાવળના રામભરોસા ચોકમાં આશાપુરા તબલા રીપેરીંગના જીતેન્દ્ર પ્રભુદાસ દેવડા (ઉ.વ.૬૮) છેલ્લી ચાર પેઢીથી આ જ કામમાં વ્યસ્ત છે.

તેઓ કહે છે 'મહિનામાં બે થી ચાર જ ગ્રાહક વર્ષમાં હોય છે પરંતુ નવરાત્રીમાં ૮ થી ૧૦ ગ્રાહકો મળી રહે છે.

મારી સાથે મારો પુત્ર કલ્પેશ જીતેન્દ્ર દેવડા વ્યવસાયમાં જોડાયો છે. તબલા, ઢોલક, નગારા રીપેરીંગ કરીએ છીએ. અર્વાચીત વાદ્યો, કેસેટ અને ઓર્કેસ્ટ્રા પાર્ટીને કારણે હવે પહેલા જેવો ધંધો જ નથી. જાણે કે 'વકત ને કિયા, કયા હસી સીતમ..' વેરાવળ રેલ્વે સ્ટેશન રોડ ઉપર ઉપલા માળે દુકાન ધરાવતા ગણેશ હરી દેવડાએ તોસરસ મજાની વાત કહી. 'હું રાજકોટમાં રહેતો ત્યાં મારા ગુરૂ રવિન્દ્ર મનહબ તબલાવાળા પાસેથી તબલા, ઢોલક, ઢોલ રીપેરીંગની તાલીમ લીધી. એટલું જ નહીં મેં ત્યાં ત્રણ વર્ષનો સંગીતનો કોર્ષ પણ કર્યો જેથી વાજીંત્રો રીપેરીંગમાં લય, તાલ, સ્વર, તબલા તાલ મેળવણી સંગીત અનુરૂપ કરી શકું છું.

મારી પાસો આ વર્ષો વેચાણમાં નકશીકામ કરેલ પંજાબી ઢોલ જેના કુમકા, ડીઝાઈન, ફેન્સી ઢોલ, અંજારના મંજીરા, ઝાંઝ પખવાજ નગારા, બધુય છે. હાર્મોનીયમ રીપેરીંગ પણ કરી જાણું છું. તબલા રૂપિયા ૪૫૦૦થી માંડી ૧૨૦૦૦ સુધીની જોડી આવે છે. રામભરોસા ચોકમાં શુભમ તબલા મેકર દુકાન પણ છે.

મોટાભાગના આવા રીપેરીંગ કારોની દુકાને આડે દિવસો ભજન મંડળી વાળા તબલા ઢોલક સમુ કરાવવા આવતા હોય છે. વેરાવળમાં દીવ, કોડીનાર, ઉના, તાલાળા, કેશોદ, માંગરોળના ગામડાઓમાંથી ગ્રાહકો આવતા હોય છે. નવરાત્રીમાં જે એક જમાનામાં જે વાજીંત્રોને સથવારે ગામ-ગામડાઓની શેરી, ચોકમાં ઢોલ, શરણાઈ, ઝાંઝ, પખવાજ, નોબતની રમઝટથી લેવાતી ગરબીઓ ઓછી કે લુપ્ત થઈ છે અને અદ્યતન વેસ્ટર્ન વાજીંત્રો, ડીજે, કેસેટ છવાઈ ગયા છે ત્યારે ધંધાને અસર તો પડી જ છે પરંતુ બદલતા જમાનાની વાસ્તવિકતા સ્વીકારવી જ પડે છતાં વર્ષોથી જે જીવ એક વ્યવસાયમાં પરોવાઈ ગયો હોય તેને બીજા વ્યવસાયમાં જવાનું ફાવતું પણ નથી.

# ગુજરાતમાં ભાજપના ધારાસભ્યોનો IB દ્વારા સર્વે કરવામાં આવ્યો

ગાંધીનગર,તા.૯

ગુજરાતના રાજકારણને લઈ મહત્વના સમાચાર સામે આવ્યા છે. લોકસભાની ચૂંટણી પહેલા ભાજપના ધારાસભ્યોનો સર્વે શરૂ કરવામાં આવ્યો છે. દિલ્હીથી જ ગુજરાતમાં ભાજપના MLA પર સતત નજર રાખવામાં આવી રહી છે. આ સર્વે IB દ્વારા સર્વે કરવામાં આવ્યો છે. આ સર્વે ૩ કેટેગરીમાં ચાલી રહ્યો હોવાની માહિતી છે. મહત્વનું એટલા માટે કે IB દ્વારા સર્વે ત્રણ કેટેગરીમાં કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં ભાજપે જીતેલી ૧૫૬ વિધાનસભા બેઠક પૈકી ૧૬થી વધુ બેઠક એવી છે કે જે ભાજપે પ્રથમ વખત જીતી છે. આ બેઠકો પહેલા કોંગ્રેસના ફાળે હતી. જો કે ભાજપના ફાળે આ બેઠકો પ્રથમ વખત આવી છે. ત્યારે આ બેઠકોમાં ધારાસભ્યોએ કરેલી કામગીરી જાણવામાં આવશે. આમ તો રાજકારણમાં સર્વેની વાત સામાન્ય હોય છે. ચૂંટણી પહેલા ભાજપ સર્વે કરાવતુ રહેતું હોય છે અને IB દ્વારા પણ સર્વે થતો હોય છે. જો કે આ વખતે ભાજપ દ્વારા એક તરફ વિપક્ષની ડિપોઝીટ પણ ડુલ કરવાનો દાવો કરવામાં આવ્યો છે. ત્યારે જમીની હકીકત શું છે તે જાણવી ભાજપ માટે પણ જરુરી છે. ત્યારે જમીની હકીકત જાણવા આ સર્વે કરવામાં આવી રહ્યો છે. આ સાથે જ વિધાનસભા ચૂંટણીમાં જે પર્ફોમન્સ નબળુ રહ્યુ હતું, તેને મજબૂત કરવા પ્રયાસ કરવામાં આવશે. વિકાસ કામો પણ કરવામાં આવશે.બીજી તરફ વાયબ્રન્ટ સમિટ બાદ શક્યતા છે કે મંત્રીમંડળમાં નવા ચહેરાઓને સમાવવામાં આવી શકે છે. મંત્રી મંડળનું વિસ્તરણ કરવાની શકયતા પણ રહેલી છે.

# અમદાવાદ ખાતે યુનિયન બેંક ઓફ ઈન્ડીયા ગ્વાલીઆ દ્વારા રિટેલ એક્સપો ઈવેન્ટ યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૯

યુનિયન બેંક ઓફ ઈન્ડિયા ગ્વાલીઆ એસબીઆર, સિંધુભવન રોડ, અમદાવાદ ખાતે આજ ૭ અને આવતીકાલ ૮ ઓક્ટોબરના રોજ રિટેલ એક્સપો યોજી રહ્યું છે. આ ઈવેન્ટમાં ૩૫ પ્રતિષ્ઠિત બિલ્ડરો ૬ કાર ડીલરો અને વિઝા કન્સલ્ટન્ટો ભાગ લઈ રહ્યાં છે. આ ટ્વિન સિટીમાં અમદાવાદ અને ગાંધીનગરના જાણીતા બિલ્ડરો તેમના વર્તમાન અને આગામી પ્રોજેક્ટનું ડીસ્પલે કર્યું છે. ક્રેડાઈ ચેરમેન, ગાંધીનગર કિરણ પટેલ-પ્રમુખ ક્રેડાઈ ગાંધીનગર, સુરેશભાઈ કે. પટેલ-સેક્રેટરી ક્રેડાઈ ગાંધીનગર મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. આર.ઓ અમદાવાદ અને આર.ઓ ગાંધીનગરના સંયુક્ત સહયોગથી રીટેલ એક્સપોમાં મહેમાનો ડો.ટી. પ્રકાશ (ડીજીએમ રીટેલ એસેટ્સ) વિઠલ બનાશંકરી (ઝોનલ હેડ, ગાંધીનગર) ઉપસ્થિત રહ્યાં હતા. યુનિયન બેંક ઓફ ઈન્ડિયાએ હોમ લોન ૮.૩૫% થી અને કાર લોન ૮.૭૫%થી શરૂઆતની ઓફર આપી હતી. આ એક્સપોમાં લગભગ ૨૦૦૦ ગ્રાહકોની ઉપસ્થિતિ અપેક્ષિત છે.

# યુકેમાં વિદ્યાર્થીઓને નોકરી માટે ફાંફાં મારવા પડી રહ્યાં છે

## ગુજરાતી વિદ્યાર્થીએ જણાવ્યું, નોકરીના ઠેકાણા પડતા નથી, ઘેરથી રૂપિયા મંગાવવા પડે છે

અમદાવાદ, તા.૯

અમેરિકા, કેનેડા બાદ ગુજરાતીઓને સેટલ્ડ થવા હોટ ફેવરિટ ડેસ્ટિનેશન હોય તો તે યુકે છે. અનેક વિદ્યાર્થીઓ સ્ટુડન્ટ વિઝા પર યુકે જવાનું પસંદ કરે છે. યુકે જવાનો ક્રેઝ વધારે છે. અહી પણ ભવિષ્ય સારું છે. ત્યારે તમને પણ મનમાં એવા સવાલો થતા હશે કે શું યુકે જવું યોગ્ય છે. હાલ જ્યારે બધો પ્રવાહ કેનેડા તરફ જઈ રહ્યો છે, આવામાં યુકે જવું કેટલુ યોગ્ય કહેવાય. આવામાં વિદ્યાર્થીઓ હાલ વિઝા એક્સપર્ટસને આ સવાલો કરી રહ્યાં છે. ગમે તે દેશ હોય, જો કોઈ પણ પ્લાનિંગ વગર એ દેશમાં ગયા હોય તો પસ્તાવાનો વારો આવતો હોય છે તેવું ઘણાં કિસ્સામાં જોવા મળે છે. પરંતુ જો તમે માત્ર ત્યાં જવું જ છે તેના બદલે વ્યવસ્થિત પ્લાનિંગ કર્યું હોય તો ચોક્કસ પરદેશમાં પણ સારું જીવન જીવી શકો છો. વિદેશમાં ભણવા કે સેટલ્ડ થવા જાઓ તો પ્લાન બી બનાવીને જાઓ તેવુ એક્સપર્ટસનું કહેવુ છે. આવામાં યુકે કેટલું યોગ્ય, તે વિશે યુકે ગયેલા અને કડવો અનુભવ થયેલા એક વિદ્યાર્થીએ તેની આપવીતી જણાવી. આ જાણીને તમે યુકે જવાનું માંડી વાળશો. પોતાનો અનુભવ શેર કરતા એક ગુજરાતી વિદ્યાર્થીએ જણાવ્યું કે, યુકે પહોંચ્યા પહેલા જે ઝગમગાટ દેખાતો હતો તે ત્યાં પહોંચ્યા પછી થોડા દિવસોમાં ગાયબ થઈ ગયો હતો. કારણ કે પેટ ભરવા માટે જ્યારે ડોલરની જરૂર પડે છે ત્યારે આ ઉત્સાહ કામ નથી આવતો. તમારે તમારા રોજિંદા ખર્ચા માટે નોકરી શોધવી જરુરી છે. ભારતીય વિદ્યાર્થીઓને જેવા તેવા નોકરીની આદત હોતી નથી. યુકેમાં લોકોને વાતો નોકરી મેળવવા અંગે સાંભળી હતી તેટલું સરળ જરાય નથી, એવા ઘણાં વિદ્યાર્થીઓ છે કે જેમને ૨-૩ મહિના સુધી નોકરીના ઠેકાણા પડતા નથી, આ કારણે પછી તેમણે વિદેશના ખર્ચા કાઢવા માટે ઘરેથી રૂપિયા મગાવવા પડે છે. જોકે, દરેકના કિસ્સામાં આવું થાય તે જરુરી નથી, કેટલાક એવા પણ છે કે જેમને પહેલા જ પ્રયાસમાં અહીં આવ્યાના અઠવાડિયામાં નોકરી મળી જતી હોય છે. પરંતુ તમે જ્યારે પરદેશમાં હોવ અને ભણવા સાથે તમારા રહેવા-જમવા સહિતના ખર્ચા કાઢવાના હોય ત્યારે જરૂર પડે તો બધા કામ કરવા તૈયાર રહેવું જોઈએ. હવે યુકે ગયેલા વિદ્યાર્થીઓને નવી સમસ્યા સતાવી રહી છે. વિદ્યાર્થીઓનું કહેવુ છે કે, અહી પણ કેનેડાની જેમ નવા ઘર મળી રહ્યા નથી. ભાડાના ઘર શોધવા માટે ભટકવુ પડી રહ્યું છે. તો નોકરી તો સરળતાથી મળી જ નથી રહી. ઓછા ડોલરમાં પણ અમે કામ કરવા તૈયાર છીએ, પરંતુ કોઈ કામ આપતુ નથી. એક વિદ્યાર્થીએ કહ્યું કે, હું નોકરી મેળવવા માટે ૬ થી ૭ મહિના ઘરે બેસી ગયો. હુ ગમે તે કામ કરવા તૈયાર હતો, છતાં મને નોકરી મળતી ન હતી. આવામાં તમારા ખર્ચા વધતા જાય છે. તમારી કમાણી ન હોય ત્યારે વિદેશમાં ડોલરમાં ખર્ચા કરવા આકરા લાગવા લાગે છે. કારણ કે, પછી તો ઘરેથી રૂપિયા મંગાવવા પડે છે. જો નોકરી ન મળે તો ઘરે બેસી રહેવુ પડે છે, વિચારો તમને ઘેરી વળે છે. અહી તમને મફતમાં ખવડાવવા માટે કોઈ હોતુ નથી. મગજમાં ટેન્શનના કારણે વિચારો આવતા રહે છે.

## કંકાસા ગામના કવિ-લેખક, વાર્તાકાર કિશોર વાળા પીએચ. ડી થયા




(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૯

સૌરાષ્ટ્રના(પોરબંદરથી સોમનાથ) સાગરકાંઠાની અગ્રંથસ્થ લોકકથાઓ ઉપર સંશોધન અને અભ્યાસ થકી માંગરોળના કંકાસા ગામનાં યુવાન કિશોર વાળાએ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાંથી ડોક્ટરેટની પદવી મેળવી છે. કિશોર વાળાએ જનસમાજ પાસેથી યોગ્ય કથાઓ મેળવવા રખડપટ્ટી અને વાર્તાલાપ દ્વારા સમજું લોકો પાસેથી યોગ્ય વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરી, મુલાકાત રેકોર્ડ કરી, વાર્તા સ્વરૂપ આપી, ગાઈડ સાથે બેસી સુધારા-વધારા ઉમેરણ કરી આ પદવી મેળવી છે. આ શોધનિબંધ તૈયાર કરવામાં એમને મેંદરડાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એસોસિએટ પ્રોફેસર ડો.વી.કે.પરમારસર પાસેથી અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું છે. જે ઝવેરચંદ મેઘાણીના પગલે-પગલે ચાલતાં, વાર્તા સંશોધનના વારસાને જાળવી આગળ વધારે અને આ કથાઓને પુસ્તક સ્વરૂપે જનસમાજને આપે એવી આશા સેવીએ છીએ.

### 'વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ મોરબી': ભારતનું સિરામિક હબ

# વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ (ODOP) હેઠળ મોરબી જીલ્લામાંથી સિરામિક ટાઈલ્સ અને સેનિટરી વેરની પસંદગી

**ભારતના સિરામિક ઉત્પાદનોના બજાર હિસ્સામાં એકલા મોરબીનો જ ૯૦% હિસ્સો, ભારતની કુલ સિરામિક નિકાસમાં ગુજરાતનો હિસ્સો ૮૦% : મોરબીનો સિરામિક ઉદ્યોગ અંદાજે ૪ લાખ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગાર પૂરો પાડે છે : પોલીપેક ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે પણ મોરબી બની શકે છે ગુજરાત રાજ્યનો અગ્રણી જિલ્લો**

મોરબી, તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ ગુજરાત વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી આવૃત્તિ માટે સજ્જ થઈ રહ્યું છે. ૧૦થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત સમિટના ભાગરૂપે રાજ્યમાં ૨ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી 'વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ' કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે, જેમાં રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં વિવિધ કાર્યક્રમો આયોજિત થઈ રહ્યા છે. આ કાર્યક્રમો દરમિયાન યોજાનારા ૨-૩ દિવસીય એક્ઝિબિશનમાં વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ (ODOP) હેઠળ દરેક જિલ્લામાંથી પસંદ કરાયેલ પ્રોડક્ટને અગ્રતા આપવામાં આવશે.

૯ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ મોરબી ખાતે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ (MSMEs) રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં 'વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ મોરબી' કાર્યક્રમ આયોજિત થશે. મોરબી જિલ્લામાંથી ODOP હેઠળ સિરામિક ટાઈલ્સ અને સેનિટરી વેરની પસંદગી કરવામાં આવી છે. સિરામિક ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાતનો મોરબી જિલ્લો શિરમોર છે. આજે ગુજરાતનો મોરબી જિલ્લો ભારતનું સિરામિક હબ બન્યો છે. સિરામિક ટાઈલ્સ, સેનિટરી વેર, ઔદ્યોગિક અને તકનીકી સિરામિક્સના ૧૦૦૦થી વધુ ઉત્પાદન એકમો સાથે ગુજરાતનું મોરબી એકલું જ ભારતમાં સિરામિક ઉત્પાદનોના બજાર હિસ્સામાં લગભગ ૯૦% હિસ્સો ધરાવે છે.

મોરબીનો સિરામિક ઉદ્યોગ અંદાજે ૪ લાખ લોકોને આપે છે રોજગાર મોરબી જિલ્લાનું સિરામિક કલસ્ટર વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું સિરામિક પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરતું કલસ્ટર છે. મોરબી જિલ્લામાં અંદાજિત ૧૦૦૦ સિરામિક એકમો આવેલા છે, જેનું કુલ વાર્ષિક ટર્ન ઓવર અંદાજીત રૂા.૬૦,૦૦૦ કરોડનું છે. આ એકમો અંદાજિત ૪ લાખ લોકોને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે રોજગારી પૂરી પાડે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતમાંથી સિરામિક સેકટરમાં રૂા.૨૦,૦૦૦ કરોડથી વધુ રકમની નિકાસ થઈ છે, જે ભારતની કુલ સિરામિક નિકાસના ૮૦% છે અને તેમાં મોરબી જિલ્લાના સિરામિક કલસ્ટરમાંથી રૂા.૧૫,૦૦૦ કરોડથી પણ વધુ રકમની નિકાસ કરવામાં આવી છે.

**પોલીપેક ઉદ્યોગ ક્ષેત્રે પણ મોરબી બની શકે રાજ્યનો અગ્રણી જિલ્લો**

સિરામિક ક્ષેત્રની જેમ પોલીપેક ઉદ્યોગ ક્ષેત્રે પણ ગુજરાતનો મોરબી જિલ્લો નજીકના ભવિષ્યમાં અગ્રણી જિલ્લા તરીકે સ્થાન મેળવી શકે છે. હાલ મોરબી જિલ્લામાં પી પી વુવન પ્રોડક્ટના કુલ ૧૫૦ એકમો કાર્યરત છે. મોરબીનો પોલીપેક ઉદ્યોગ હાલમાં આશરે વાર્ષિક ૫ લાખ મેટ્રિક ટન (MT) પી પી વુવન ફેબ્રીકનું ઉત્પાદન કરે છે, જેનું કુલ વાર્ષિક ટર્ન ઓવર અંદાજીત રૂા.૫૫૦૦ કરોડનું છે. પોલીપેક ઉદ્યોગ હાલ મોરબીના અંદાજિત ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦ લોકોને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રોજગારી પૂરી પાડે છે.

મોરબી જિલ્લાનો વોલ કલોક ઉદ્યોગ ભારતના વોલ કલોક ઉત્પાદનના ૭૫% હિસ્સો ધરાવે છે. સિરામીક તેમજ પોલીપેકની જેમ જ વોલ કલોક અને ગીફ્ટ આર્ટિકલ ઉદ્યોગ પણ મોરબીમાં ખૂબ જ મોટા પાયે વિકસ્યો છે. મોરબી જિલ્લાનો વોલ કલોક તેમજ ગિફ્ટ આર્ટિકલ ઉદ્યોગ ભારતના વોલ કલોક ઉત્પાદનનો ૭૫% હિસ્સો ધરાવે છે. મોરબી જિલ્લામાં વોલ કલોકના આશરે ૮૦ થી ૯૦ એકમો આવેલા છે. આ ઉદ્યોગ અંદાજિત ૧૮,૦૦૦ લોકોને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રોજગાર પૂરો પાડે છે, જે પૈકી ૧૬,૦૦૦ મહિલાઓ છે. મોરબીનો વોલ કલોક ઉદ્યોગ અત્યારે પ્રતિ દિન આશરે ૧.૫ લાખ વોલ કલોક પીસ / ગીફ્ટ આર્ટીકલ્સનું ઉત્પાદન કરે છે, અને આ ઉદ્યોગનું કુલ વાર્ષિક ટર્ન ઓવર અંદાજીત રૂા.૬૦૦-૭૦૦ કરોડનું છે. આ પૈકી રૂા.૫૦-૬૦ કરોડના વોલ કલોક / ગીફ્ટ આર્ટીકલ્સની નિકાસ કરવામાં આવે છે.



**મોરબી જિલ્લાના અન્ય ઉદ્યોગો**

મોરબી જિલ્લામાં પેપર મીલ ઉદ્યોગના ૬૦થી વધારે એકમો કાર્યરત છે, જેમાં અંદાજે રૂા.૩૦૦૦ કરોડનું મૂડીરોકાણ કરવામાં આવ્યું છે. તેના દ્વારા આશરે ૧૦,૦૦૦ લોકોને રોજગારી પીરી પાડવામાં આવે છે. આ ઉપરાંત, મોરબીમાં ૩૦ થી વધુ એકમોમાં કામ કરતા અગરિયાઓ મીઠાના ઉત્પાદનમાં મહત્વનો ભાગ ભજવે છે. મોરબી જિલ્લો માટીકામના કારીગરો માટે પણ પ્રખ્યાત છે.

### સિવીલ હોસ્પિટલમાં દર્દીઓ અને તેમના સગાઓને કડવા અનુભવો થતા હોવાની વ્યાપક ફરિયાદો બાદ ધરખમ ફેરફારો

# જૂનાગઢની સિવીલ હોસ્પિટલની આરોગ્ય સેવા વ્યવસ્થિત કરવા નવનિયુકત સુપ્રીટેન્ડન્ટ બ્રહ્મભટ્ટના પ્રયાસો

## ખાનગી દવાખાનામાં રવિવારે રજા હોય એટલે દર્દી સિવીલ હોસ્પિટલ જૂનાગઢમાં આવે પરંતુ ત્યાં પણ જવાદાર ડોકટરોનો અતોપતો ન હોય ત્યારે કફોડી સ્થિતીમાં મુકાય છે



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેર ઉપરાંત જીલ્લાની સૌથી મોટી હોસ્પિટલ એટલે સિવીલ હોસ્પિટલ જૂનાગઢ છે. જયાં અદ્યતન સુવિધા, નિષ્ણાંત ડોકટરોની સેવા પણ ઉપલબ્ધ છે પરંતુ ખાટલે મોટી ખોટ એ છે કે આ હોસ્પિટલમાં દર્દીઓને સારી રીતે સારવાર કરી શકે અને સમય ગમે તે હોય પરંતુ તબીબો જો ઉત્સાહપુર્વક અને સેવા કરે તો જૂનાગઢની આ સિવીલ હોસ્પિટલ ગુજરાતમાં પ્રથમ નંબરની બની શકે તેમ છે. પરંતુ અહીં આવનારા દર્દીઓને અનેક પ્રકારના સારા તેમજ ખરાબ બંને અનુભવો થઈ રહ્યા છે અને આ અંગેની અનેક ફરિયાદો ઉઠવા પામેતા ઉચ્ચકક્ષાએ રજુઆત થતા તાજેતરમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા હોવાનું મનાઈ છે.

જૂનાગઢની સિવીલ હોસ્પિટલમાં રોજના મોટી સંખ્યામાં વિવિધ પ્રકારના દર્દીઓ અહીં સારી સારવાર મળી શકે તેવી અપેક્ષાએ આવતા હોય છે. જોકે નિષ્ઠાવાન તબીબો અને કેટલાક સ્ટાફ દ્વારા દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે તે માટે પ્રયત્ન પણ કરતા હોય છે અને સેવા આપતા હોય છે. બીજી તરફ એવી બુમ અને ફરિયાદ ઉઠી છે કે અહી આવનારા વિવિધ પ્રકારના દર્દીઓને સારવાર મેળવવામાં ભારે વલખા મારવા પડે છે. વિલંબ થાય છે અને ઘણીવાર તો કલાકોના કલાકો સુધી એક જગ્યાએથી બીજી જગ્યાએ અને બીજી જગ્યાએથી ત્રીજી જગ્યાએ તેમને ધક્કા ખવરાવતા હોય છે. કેટલાક પેધી ગયેલા કર્મચારીની આવી આડોડાઈ હોવાના કારણે પણ દર્દીના સગાવ્હાલા પોતાના સ્વજનને તાત્કાલીક સારવાર મળી શકે તે માટેના પ્રયત્નો કરતા હોય છે અને એક જગ્યાથી બીજી જગ્યાએના કોઠાઓ વિંધ્યા બાદ જે તે વિભાગ કે તેના અધિકાર ક્ષેત્રમાં આવતા તેવા તબીબના ટેબલો ઉપર પહોંચે ત્યારે તેના ફુગ્ગામાંથી હવા નીકળી જતી હોય છે. કારણ એટલું જ હોય છે કે જે તે જવાબદાર તબીબ ઘણીવાર તો ટેબલ ઉપર હાજર નથી હોતા અને ઈન્ટને પોતાનું ટેબલનો હવાલો સોંપી દેવામાં આવ્યો છે. પરંતુ આ ઈન્ટન પણ ટેબલ ઉપર જોવા મળતા નથી ત્યારે દર્દી અને તેના સગાવ્હાલાની હાલત ખુબ જ ખરાબ થતી હોય છે. ન કરે નારાયણ અને ગંભીર બનાવ બને તો શું થાય એનો વિચાર કરવો પડે. આવી અનેક ફરિયાદો ઉઠવા પામી હતી અને ફરિયાદના આધારે જ કેટલાક પદાધિકારીઓની બદલી કરી અને તેની જગ્યાએ નિષ્ઠાવાન કાર્યદક્ષ અને સ્થિતીને કંટ્રોલ કરી શકે તેવા અધિકારીને મુકવામાં આવેલ છે. આ અહેવાલ મુકવાનું કારણ એટલા માટે જ છે કે જૂનાગઢની સિવીલ હોસ્પિટલમાં એકલા જૂનાગઢ નહી પરંતુ આસપાસના લાગું પડતા જીલ્લાઓના લોકો પણ મોટી સંખ્યામાં આવતા હોય છે. અધ્યતન સુવિધાથી સજ્જ આ સિવીલ હોસ્પિટલમાં યોગ્ય સારવાર દર્દીઓને પ્રાપ્ત થાય તો તેનું જીવન સુધરી જાય છે. પરંતુ ઘણીવાર એવું બને છે કે જે તે વિભાગમાં ત્યાના ડોકટર પાસે દર્દીને બતાવાનું હોય છે ત્યારે આવા ડોકટરોનો જ કયાંય પતો લાગતો નથી અને ત્યાંના વોર્ડના સંચાલન કરનાર દર્દી અને તેના સગાને એવો જવાબ આપાતા હોય છે કે હમણા આવશે હમણા આવશે અને પાંચ મિનીટમાં અને દસ મિનીટમાં સાહેબ આવી રહ્યા છે પરંતુ સાહેબ કલાક-દોઢ કલાક સુધી જોવા મળતા નથી અને ઘણીવાર તો રવિવારના દિવસે જે અધિકારીઓને વોર્ડનો હવાલો સોંપ્યો હોય ત્યારે ત્યાં આવા ડોકટરો ગમે તેમવા કેસ આવે તેમ છતાં પણ ફરકતા નથી. આજના આ સમયમાં સતત મોંઘી બનતી આરોગ્ય સેવાને પરિણામે લોકોને ખાસ કરીને જરૂરીયાતમંદ લોકોને ખાનગી દવાખાનાઓની મસમોટી ફી કોઈ કાળે પોસાઈ તેમ નથી અને જરૂરીયાતમંદ દર્દીઓ સિવીલ હોસ્પિટલ જૂનાગઢના દરવાજે આવવાના છે અને ત્યાં પણ તેને યોગ્ય સારવાર ન મળે તો તેમની શું હાલત થાય તે કલ્પના જ કરવી રહી. લોકો કષ્ટાકમાં એમ પણ કહી રહ્યા છે કે બિમાર પડવું હોય તો રવિવારના દિવસે ન પડવું. રવિવારે પ્રાઈવેટ દવાખાના તો મોટાભાગે બંધ હોય અને દર્દીઓ જાય તો કયાં જાય સિવીલ હોસ્પિટલમાં જ આવેને પણ ત્યાં પણ તેમને ઈમરજન્સી સારવાર ન મળે તો શું હાલત થાય તેવો સવાલ આજે ગંભીરપણે ઉઠવા પામ્યો છે.

### નવા નિમણુંક પામેલા સુપ્રીનડેન્ટ કૃતાજ્ઞ બ્રહ્મભટ્ટ આરોગ્ય સેવા દર્દીઓને સારી રીતે મળી શકે તે માટે કામગીરી

સિવીલ હોસ્પિટલ જૂનાગઢમાં દર્દીઓને યોગ્ય સારવાર મળતી નથી તેમજ ઘણીવાર તો કલાકો સુધી બેસવું પડતું હોય છે તેમજ ઈમરજન્સી કેસ વખતે પણ યોગ્ય થતું ન હોવાની ઉચ્ચ કક્ષાએ રજુઆતો થવાના પગલે મોટા ફેરફારો થયા છે. આ દરમ્યાન હાલ તબીબી અધિક્ષકનો ચાર્જ કૃતાજ્ઞ બ્રહ્મભટ્ટને સોંપવામાં આવ્યો છે અને તેઓ દ્વારા સિવીલ હોસ્પિટલ જૂનાગઢમાં અહીં આવનાર પ્રત્યેક્ષ દર્દીઓને સારામાં સારી આરોગ્ય સેવા પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસો શરૂ કરી દીધા છે. હવે આ તેમના પ્રયાસો સફળ થશે કે કેમ ?

# ગુરૂ દત્તાત્રેય શિખર ઉપર હિન કૃત્ય કરનારાને તાત્કાલીક ઝડપી લઈ કડક કાર્યવાહી કરવા સંતોની માંગ

## ફરીવાર આવી કોઈ ચેષ્ટા કરવામાં આવશે તો તેના પરિણામ ગંભીર આવી શકે છે તેવી ચિમકી



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૯

ભવનાથ તળેટી ખાતે ગત શનિવારે ગિરનાર અન્નક્ષેત્રમાં સંતોની ઉપસ્થિતિમાં એકમહત્વની બેઠક મળી હતી અને જેને પત્રકાર પરિષદ એવું નામ આપવામાં આવ્યું હતું. આ બેઠક બોલાવવાનો મુખ્ય હેતુ એ હતો કે, ગિરનાર પર્વત ઉપર આવેલા ગુરૂદતાત્રેયના શિખર ઉપર ફરી એકવાર હિન હરકતો થઈ છે અને તેની સામે ભારે તીવ્ર આર્કોશ ઉઠવા પામેલ છે. એટલું જ નહી આ બેઠકમાં ઉપસ્થિતિ સંતોએ ભારે આર્કોશ સાથે આવું કૃત્ય કરનારાઓને તાત્કાલીક ઝડપી લઈ તેના વિરૂધ્ધ કડક કાર્યવાહીની માંગ કરી હતી. ગિરનાર પર્વત ઉપર આવેલા ગુરૂ દત્તાત્રેયનાં શિખર ઉપર ગત તા. ૧ ઓક્ટો. ૨૦૨૩ના રોજ પરપ્રાંતમાંથી આવેલા દિગંબર જૈન સમાજના ૨૦૦ થી ૩૦૦ લોકોએ ગુરૂ દત્તાત્રેયની ચરણપાદુકાને હાનિ પહોંચાડવાનું હિન કૃત્ય કર્યું તેના ઘેર પડઘા આજે ભવનાથમાં જોવા મળ્યા. ગુરૂ દત્તાત્રેય શીખરનાં પીઠાધીશ્વર અને મહંત મહેશગીરીજીની અધ્યક્ષતામાં સંતોની બેઠક મળી હતી. આ તકે સંતોએ આક્રોશ વ્યક્ત કર્યા બાદ એક સંયુક્ત નિવેદન જારી કર્યું હતું. જેમાં જણાવ્યું છે કે, દત્ત ભગવાનને હાનિ પહોંચાડનારાઓને યોગ્ય દંડ મળે તેમજ એફઆઈઆર નોંધાય, દોષિત લોકોની ધરપકડ થાય, એ લોકો જાહેરમાં માફી માંગે અને સમાજનાં આવા તત્વો ઉપર ગુરૂ દત્તાત્રેયનાં શીખર ઉપર યાત્રા ઉપર પ્રતિબંધ લગાવવામાં આવે. જેથી ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને. ભૂતકાળમાં આવા ઘણા પુર્વ નિયોજીત બનાવો બનેલા છે. અને એ રોકવા જ્યારે પ્રયત્નો થયા છે ત્યારે સાધુઓને બદનામ કરવાના પૂર્વ નિયોજીત કાર્યક્રમ પણ તેમણે કર્યા કે, સાધુઓ ત્યાં મારે છે. પણ આ લોકો ત્યાં જઈને શું કરે છે એ પહેલી જ વખત બહાર આવ્યું છે. સાધુઓ આ વખતે શાંત રહ્યા તો કેટલું બધું નુકસાન થઈ શકે છે તેમજ જન આક્રોશ કેવો છે એ સમાજને ખબર પડી. પણ એક વાત છે કે, હવે જો આવા હિન કૃત્યો પુનરાવર્તિત થાય તો આ લડાઈ ભક્તો, નાગા સાધુઓ અને દત્ત ભક્તો જ જોશે. કેમકે, સંસ્થાન પણ એક મર્યાદા સુધી બધું સંભાળી શકે છે. એના પછી તો સત્તા દત્તાત્રેય ભગવાન અને તેમના ભક્તોની છે. હવે તો નાગા સાધુઓ, અખાડાઓ અને દત્ત ભક્તો જ જવાબ આપશે. મહંત શ્રી મહેશગીરીજીએ જણાવ્યું હતું કે, દત્ત શિખર ઉપર ધમાલ મચાવનારાઓની ધરપકડ થાય એ માટે મહંત મહેશગીરીજી અને ટ્રસ્ટીઓએ પોલીસને એફઆઈઆર થાય એ માટે આગ્રહ રાખ્યો. પણ હજુ સુધી કોઈ એફઆઈઆર નોંધાઇ નથી. ભગવાન દત્તાત્રેય જે મહારાષ્ટ્રના કુળગુરૂ છે, કુળ દેવત છે. આથી મહારાષ્ટ્ર તેમજ ભારતભર અને વિશ્વભરમાં સ્થાપિત સનાતનીઓની ઉગ્ર માંગણી છે કે, આ લોકોને યોગ્ય દંડ મળે. આ મામલો ઉગ્ર બની જાય એમ હતું. જનાક્રોશને અમે તુરંત એક નિવેદન આપીને શાંત કર્યો. જેથી સમાજમાં કોઈ અઘટિત ઘટના ન બને.

# જૂનાગઢ સમસ્ત બ્રહ્મ સમાજ જિલ્લા શહેર અને મહિલા પાંખ દ્વારા રાસોત્સવનું ભવ્ય આયોજન







(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેર જીલ્લા સમસ્ત બ્રહ્મસમાજના મહિલા પાંખ દ્વારા બ્રહ્મ પરિવારો માટે નવરાત્રી મહોત્સવ અંતર્ગત ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. ગયા વખતે પણ રસોત્સવનું બાલાજી ફાર્મ ખાતે એક સુંદર આયોજન કરવામાં આવ્યું હતું અને આ વખતે પણ બ્રહ્મ રાસોત્સવ ૨૦૨૩નું ક્રિષ્ના ફાર્મ ખાતે આયોજન કરવામાં આવેલ છે. બ્રહ્મ સમાજના દરેક વ્યક્તિ માટે નિઃશુલ્ક આયોજન કરવામાં આવેલ છે. બ્રહ્મ સમાજ મહિલા મંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા વડીલો એ એવું નક્કી કર્યું કે આ રાસોત્સવ મહિલા પાંખ દ્વારા સંચાલિત થાય જે અનુસંધાને આજે ક્રિષ્ના ફાર્મ ખાતે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પ્રમુખ રૂપલબેન લખલાણી, જૂનાગઢ શહેર મહિલા પાંખ પ્રેસીડેન્ટ કનકબેન વ્યાસ, જૂનાગઢ શહેર મહિલા પાંખ મહામંત્રી ડો.નિષ્ઠાબેન અભિજીત ઉપાધ્યાય, શહેર પ્રમુખ મેહુલ દવે, જિલ્લા પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદી, યુવા પાંખ પ્રમુખ રવિભાઈ ઠાકર, સમસ્ત બ્રહ્મ સમાજ પૂર્વ પ્રમુખ કે.ડી. પંડ્યા, ભરતભાઈ રાવલ, સૌરાષ્ટ્ર ભૂમિના માલિક રશ્મીબેન કાર્તિકભાઈ ઉપાધ્યાય, તંત્રી અભિજીત ઉપાધ્યાય વગેરે મહાનુભાવો આ મિટિંગમાં ઉપસ્થિત રહ્યા હતા અને મીટીંગ પૂર્ણ થયા બાદ અલ્પાહાર લઈ સૌ છૂટા પડેલા હતા.

# જૂનાગઢ ખાણ ખનીજ વિભાગ દ્વારા ખનીજ ચોરો ઉપર તવાઈ : ૧ માસમાં ૨૨ લાખનો કરાયો દંડ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૯

જૂનાગઢ જીલ્લા કલેકટરના સુચના અંતર્ગત ખાણ ખનીજ વિભાગની ટીમો દ્વારા ખનીજ સંપતિ ચોરી કરનારાઓ સામે કડક કાર્યવાહી કરી અને એક જ માસમાં ૨૨ લાખનો દંડ વસુલ કરેલ છે તેમજ જવાબદારો સામે પગલા ભરવામાં આવ્યા છે. જૂનાગઢ ખાણ ખનિજ વિભાગની ખનીજ ચોરો ઉપર તવાઈ ઉતરી છે. માત્ર સપ્ટેમ્બર માસમાં જ ત્રાટકી ખનીજ ચોરો પાસેથી ૨૧,૦૦,૦૦૦નો દંડ વસુલ કર્યો છે. એટલું જ નહિ ખનીજ ચોરીમાં વપરાયેલા ડમ્પર, ટ્રક, ટ્રેકટર સહિત ૨૨ લાખના વાહનો ઝપ્ત કરાયા છે. ખાણ ખનીજ વિભાગની આ કામગીરીથી ખનીજ ચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ અંગે મળતી વિગત મુજબ જૂનાગઢ જિલ્લામાં બેફામ બનેલા ખનીજ ચોરો સામે કડક કાર્યવાહી કરવા જિલ્લા કલેકટરે આદેશ કર્યો હતો. જેના પગલે જિલ્લા ભુસ્તરશાસ્ત્રી દ્વારા ખનીજ ચોરી અટકાવવા તેમજ ખનીજ ચોરો સામે આકારા પગલાં ભરવા ગત સપ્ટેમ્બર માસ દરમ્યાન ક્ષેત્રીય ટિમોને કામગીરી સોંપાઈ હતી. આ ટીમ દ્વારા જૂનાગઢ જિલ્લામાં સતત રાત દિવસ સખત ચેકીંગ તેમજ તપાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી અન્વયે જૂનાગઢ જિલ્લાના ચોરવાડ, ગડુ, કેશોદ, વંથલી, માંગરોળ, મેંદરડા તેમજ જૂનાગઢ શહેર જેવા વિવિધ સ્થળોએ ખનીજ ચોરી થતી હોવાનું જાણવા મળતા કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ કામગીરીમાં ડમ્પર, ટ્રક તેમજ ટ્રેક્ટર જેવા કુલ ૨૨ વાહનો સાદિ રેતી, બ્લેક ટ્રેપ, બિલ્ડીંગ લાઈમ સ્ટોન તેમજ સિલિકા સેન્ડ જેવા ખનીજોનું બિન અધિકૃત રીતે વહન કરતા હોય તેઓને પકડી પાડી વાહનો સીઝ કરવામાં આવેલ છે. એટલું જ નહી આવા ખનીજ ચોરો પાસેથી ખાણ ખનીજ જૂનાગઢની કચેરી દ્વારા બિન અધિકૃત વહન સબબ આશરે ૨૧ લાખ રૂપિયાના દંડકીય રકમની પણ વસુલાત કરવામાં આવેલ છે. જિલ્લામાં ખનીજ ચોરો સામે હજુ પણ આકરા પગલાં ભરવા આગળ પણ આ પ્રકારના સતત ચેકીંગ અને દંડનીય કામગીરી કરવામાં આવશે તેમ ભુસ્તર શાસ્ત્રી, જૂનાગઢ દ્વારા જણાવાયું છે. જૂનાગઢ જિલ્લામાં મોટાભાગે બિલ્ડીંગ લાઈમ સ્ટોન, સાદી રેતી, બ્લેક ટ્રેપ વગેરે ખનીજની ચોરી થાય છે. જૂનાગઢ જિલ્લામાં બાંધકામ ઉદ્યોગ મુખ્ય હોય ઓછી મહેનતે વધુ નાણાં કમાઈ લેવાની લાલચમાં ખનીજ ચોરો ગેરકાનુની પ્રવૃત્તિ કરે છે.

## જૂનાગઢ તાલુકાનાં ચોકી ગામે મહિલા ઉપર છરી વડે હુમલો

જૂનાગઢ તા. ૯

મુળ મોરબીનાં અને હાલ ચોકી ગામે રહેતા નિશાબેન રમેશભાઈ કાનાણી (ઉ.વ. ૨૬)એ ઈન્દ્રજીતસિંહ દિલીપસિંહ રાણા રહે. વડોદરાવાળા સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામના ફરીયાદી તેમજ સાહેદ રોશનીબેન બંને એક સાથે ચોકી ટ્રેનીંગ સેન્ટરના સ્ટાફ કવાટરમાં રહેતા હોય અને આ કામના સાહેદને આરોપી સાથે સંબંધ હોય અને સાહેદ આરોપી સાથે વાત ન કરતા હોય તેથી આરોપીને લાગેલ કે ફરીયાદીના કારણે સાહેદ રોશનીબેન પોતાની સાથે વાત કરવાનું બંધ કરી દીધેલ છે. જેથી આરોપી ફરીયાદીનાં ઘરની ગેલેરીમાં છરી સાથે છુપાઈને બેસી રહેલ દરમ્યાન ફરીયાદીએ કચરો નાખવા દરવાજો ખોલતા જ અચાનક છરી સાથે ફરીયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ફરીયાદીને મારી નાખવાના ઈરાદે શરીર તથા ગળાના ભાગે છરી વડે જીવલેણ લોહીયાળ ઈજાઓ કરી તેમજ સાહેદ રોશનીબેન છોડાવવા વચ્ચે પડતા સાહેદ ઉપર છરી વડે હુમલો કરી આરોપીએ ફરીયાદી તેમજ સાહેદને ઢીકાપાટુનો માર મારી ઈજા કર્યાની ફરીયાદ નોંધાવતાં તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ક્રિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com



સી.સી. પડદાવાળા
PRODUCTS
● મોડયુલર કિચન
● બેડ વીથ સાઈડટેબલ
● ટી.વી. યુનિટ
● સોફાસેટ
● સેન્ટર ટેબલ
● ક્રોસીંગ યુનિટ
● ડાઈનીંગ ટેબલ
● મેઈનડોર
● મંદિર વર્ક
● બાથરૂમ એસેસરીઝ
● વોલપેપર
● કાર્ટન
● મેટ્રસ
તળાવ ગેટ, રેલ્વે ક્રોસીંગ પાસે, પહેલા માળે,, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫



ઉધઈથી બચો..
૧૦ વર્ષની ગેરંટી સાથે આપના બંગલા, દુકાન, ટેનામેન્ટ, મકાન, ઓફિસમાં ઈન્જેકશન દ્વારા ઉધઈ ટ્રીટમેન્ટ કરી આપીશું.
સચિનભાઈ
મો. ૯૮૨૫૯ ૭૬૨૫૧



ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.


બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.